dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue- 11 | AD - 2025, Aso Vad-05 | Saturday, Dt.11-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે નોબેલ પુરસ્કાર માટે ધમપછાડા કર્યા હોવા છતાં ન મળ્યો

# વેનેઝુએલામાં લોકશાહી માટે પ્રયત્નો કરનાર મારિયા મચાડોને નોબેલ શાંતિ પુરસ્કાર મળ્યો

ન્યુ દિલ્હી,તા.૧૦

વેનેઝુએલાના વિપક્ષી નેતા મારિયા મચાડોને લોકશાહી અધિકારોને પ્રોત્સાહન આપવા અને વેનેઝુએલામાં સરમુખત્યારશાહીથી લોકશાહીમાં શાંતિપૂર્ણ ફેરફાર પ્રાપ્ત કરવાના તેમના અથાક પ્રયાસો બદલ નોબેલ શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. નોબેલ સમિતિએ કહ્યું કે એવા સમયે જ્યારે વિશ્વના ઘણા ભાગોમાં



સરમુખત્યારશાહી વધી રહી છે અને લોકશાહી નબળી પડી રહી છે, ત્યારે મારિયા મચાડો જેવા લોકોની હિંમત આશા આપે છે. સમિતિએ જણાવ્યું હતું કે લોકશાહી જ સ્થાયી શાંતિની શરત છે. જ્યારે સરકાર હિંસા અને ભય દ્વારા જનતાને દબાવી દે છે, ત્યારે આવા હિંમતવાન વ્યક્તિઓનું સન્માન કરવું જરૂરી બની જાય છે. મચાડોએ સુમાતે નામની સંસ્થાની સ્થાપના કરી હતી, જે લોકશાહી સુધારવા માટે કામ કરે છે. તે દેશમાં મુક્ત અને ન્યાયી ચૂંટણીઓની માંગ કરી રહી છે. અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પ છેલ્લા ઘણા મહિનાઓથી નોબેલનો દાવો કરી રહ્યા હતા, પરંતુ નોબેલ સમિતિએ તેમને આ પુરસ્કાર માટે પસંદ કર્યા ન હતા. મચાડોએ સુમાતે નામની સંસ્થાની સ્થાપના કરી હતી, જે લોકશાહી સુધારવા માટે કામ કરે છે. તે દેશમાં મુક્ત અને ન્યાયી ચૂંટણીઓની માગ કરી રહી છે. યુએસ પ્રમુખ ટ્રમ્પ ઘણા મહિનાઓથી નોબેલ પુરસ્કાર માટે દાવેદાર રહ્યા છે, પરંતુ નોબેલ સમિતિએ તેમને પુરસ્કાર માટે પસંદ કર્યા નથી. મચાડોએ સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય સ્તરે ધ્યાન ખેંચ્યું જ્યારે તેણીએ વેનેઝુએલાના તત્કાલીન રાષ્ટ્રપતિના ભાષણમાં વિક્ષેપ પાડ્યો. આ ઘટના ૧૪ જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ બની હતી. શાવેઝે સંસદમાં ૯ કલાક, ૪૫ મિનિટનું ભાષણ આપી ચૂક્યા હતા ત્યારે મચાડોએ બૂમ પાડીને તેમને 'ચોર' કહ્યા હતા અને જપ્ત કરેલી મિલકત પરત કરવાની માગ કરી હતી. જવાબમાં, શાવેઝે કહ્યું કે તેઓ ચર્ચા નહીં કરે કારણ કે તેઓ લાયક નથી. આ ઘટના દેશભરમાં ચર્ચાનો વિષય બની અને મચાડોને એક હિંમતવાન વિપક્ષી નેતા તરીકે સ્થાપિત કરી.

### મચાડો સ્વાતંત્ર્ય સેનાની : ટ્રમ્પ

રાષ્ટ્રપતિ ટ્રમ્પે મચાડોને સ્વાતંત્ર્ય સેનાની ગણાવ્યા છે. મારિયા મચાડોએ વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો સામે ચૂંટણી લડી હતી. મચાડો એક વર્ષ કરતા વધુ સમયથી દેશમાં છુપાઈને રહે છે.

### અમે હંમેશા બહાદુર વ્યક્તિઓનું સન્માન કર્યું : નોબેલ સમિતિ

નોર્વેજીયન નોબેલ સમિતિએ કહ્યું, "અમે હંમેશા એવા બહાદુર વ્યક્તિઓનું સન્માન કર્યું છે જેઓ દમન સામે ઉભા રહ્યા અને સ્વતંત્રતા માટેની આશા જાળવી રાખી. ગયા વર્ષે, મચાડોને તેના જીવન માટે છુપાઈને રહેવાની ફરજ પડી હતી, પરંતુ તેમણે દેશમાં રહેવાનું પસંદ કર્યું, જેનાથી લાખો લોકોને પ્રેરણા મળી.''




# પંજાબમાંથી બે આતંકીઓ પાસેથી RDX ઝડપાયું




જલંધર,તા.૧૦

ઓપરેશન સિંદૂર બાદ, પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓ પંજાબમાં વાતાવરણને ખલેલ પહોંચાડવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ઓગસ્ટથી હેન્ડ ગ્રેનેડ અને નાના હથિયારો સતત મોકલવામાં આવી રહ્યા છે. ગુરુવારે જલંધરમાં મળી આવેલ RDX અને IED આ ષડયંત્રનો એક ભાગ છે. પોલીસે ISI સમર્થિત બબ્બર ખાલસા ઈન્ટરનેશનલના હરવિંદર સિંહ રિંડાના બે સહયોગીઓની પણ ધરપકડ કરી છે. હજુ કેટલા ફરાર છે તેની કોઈ માહિતી નથી. પંજાબ પોલીસના અહેવાલો અનુસાર, ઓગસ્ટથી પંજાબમાં ત્રણ IED અને ૪,૫૦૦ કિલો RDX મળી આવ્યા છે. ગુરુવારે, બે આતંકવાદીઓ પાસેથી ૨,૫૦૦ કિલો RDX મળી આવ્યો હતો. RDXનો આ જથ્થો એક શહેરને તબાહ કરવા માટે પૂરતો છે. અગાઉના બે કન્સાઈનમેન્ટ- ૨૫ ઓગસ્ટના રોજ બટાલામાં ૨ કિલો RDX અને ૭ ઓગસ્ટના રોજ તરનતારનમાં એક IED- જપ્ત કરવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં, પંજાબમાં ૧૭ હેન્ડ ગ્રેનેડ જપ્ત કરવામાં આવ્યા છે. ગયા વર્ષે, ડિસેમ્બર ૨૦૨૪ અને ફેબ્રુઆરી ૨૦૨૫ની વચ્ચે, એક પોલીસ સ્ટેશન, એક ભાજપ નેતા અને એક દારૂના વેપારીના ઘર સામે હેન્ડ ગ્રેનેડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પંજાબ પોલીસે ૪૦ દિવસમાં ૯૬ પિસ્તોલ જપ્ત કરી છે. આ નાના હથિયારોનો ઉપયોગ ટાર્ગેટ કિલિંગમાં થાય છે. ISI આ હથિયારો બબ્બર ખાલસાના આતંકવાદીઓને સપ્લાય કરવાનો ઈરાદો ધરાવે છે, જેથી તેઓ ટાર્ગેટ કિલિંગ કરી શકે અને ૧૯૮૦ના દાયકાનું વાતાવરણ ફરીથી બનાવી શકે. પોલીસ રિપોર્ટ અનુસાર, આ ૯૬ પિસ્તોલમાંથી ૪૬ અમૃતસરમાંથી, ૨૧ ફાઝિલ્કામાંથી અને ૨૯ ફિરોઝપુરમાંથી મળી આવી હતી. આમાંથી, ગ્લોક પિસ્તોલ ખાસ મોકલવામાં આવી રહી છે. ગુપ્તચર માહિતી બાદ, પંજાબમાં સુરક્ષા ચોકીઓ વધારી દેવામાં આવી છે. ડીજીપી ગૌરવ યાદવે જાહેર કરેલી માહિતી અનુસાર, ઓપરેશન સિંદૂર પછી પંજાબમાં પાકિસ્તાનની દખલગીરી વધી ગઈ છે. પંજાબ પોલીસને એવી માહિતી મળી છે કે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી, આઈએસઆઈ, પંજાબમાં વાતાવરણને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરી રહી છે. પરિણામે, આગામી તહેવારોને ધ્યાને લઈ પંજાબમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે.




**ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.**

'ભોજલરામ ભવન' રાજમહેલ રોડ, હેડ-ઓફિસ, અમરેલી, ફોન. નં. ૦૨૭૯૨-૨૨૨૬૦૧
• ઈ-મેઈલ : ho@ajmsbank.com • વેબસાઈટ : www.ajmsbankcom

International Year of Cooperatives 2025 — Cooperatives Build a Better World

તા. ૧૦/૧૦/૨૦૨૫

**ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., જેશીંગપરા શાખાનું સ્થળાંતર બાબત.**

ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ની જેશીંગપરા શાખા હાલ શીવાજી ચોક, જેશીંગપરા ખાતે કાર્યરત છે. ગ્રાહકોને વિશેષ સવલત આપવાના હેતુથી શાખાનું નવુ બિલ્ડીંગ આ જગ્યાએ બનાવવાનો નિર્ણય થયેલ છે. શાખા શિવાજી ચોક હાલના સરનામે તા. 30/૧૦/૨૦૨૫ સુધી કાર્યરત રહેશે. ત્યારબાદ કામચલાઉ ધોરણે સ્થળાંતરીત થઈ તા.૦૧/૧૧/૨૦૨૫ થી અંદાજીત ૨૦૦ મીટર દુર અમરેલી જીલ્લા ખરીદ વેચાણ સંઘ લી. નાં શોપીંગ સેન્ટરમાં, પેટ્રોલ પંપની બાજુમા, જેશીંગપરા મુકામે કાર્યરત થશે તો જેશીંગપરા શાખાનાં ગ્રાહકોને આ અંગે નોંધ લેવા વિનંતી છે.

જેશીંગપરા શાખાના લોકર ધારકોને જાણ કરવામાં આવે છે કે શાખાની લોકર કેબીનેટ નવી જગ્યાએ શીફ્ટીંગ દરમિયાન લોકરમાં રાખેલ ચીજ-વસ્તુઓની તુટફુટ/નુકશાન ન થાય તે હેતુથી તા.30/૧૦/૨૦૨૫ સુધીમાં આપના લોકરમાં રાખેલ ચીજ વસ્તુઓ કાઢી લેવા નમ્ર વિનંતી છે અન્યથા આ અંગે બેંકની કોઈ જવાબદારી રહેશે નહિ જેની નોંધ લેવા વિનંતી.

સહી
(બી. એસ. કોઠીયા)
જનરલ મેનેજર (સી.ઈ.ઓ.)
ધી અ.જી.મ.સ. બેંક લિ., અમરેલી,



# અમરેલીમાં આવેલ રાજમહેલના નવીનીકરણની ૯૫ ટકા કામગીરી પૂર્ણ

અમરેલી,તા.૧૦

ગુજરાત સરકારે ગૌરવરૂપ વિરાસતના સ્થળોના વિકાસ માટે નવા આયામો શરૂ કર્યા છે. અમરેલી શહેરના મધ્યમાં શોભાયમાન રાજમહેલનું અંદાજે રૂ.૨૫ કરોડના ખર્ચે નવીનીકરણ હાથ ધર્યું છે, જેનું ૯૫ ટકા જેટલું કામ પણ પૂર્ણ થઈ ગયું છે. આ ઐતિહાસિક રાજમહેલનું કામ પૂર્ણ થયા બાદ, તેની કાયમી જાળવણી થઈ શકે તે માટે હેરિટેજ હોટલ અને સંગ્રહાલય તરીકે વિકસાવવાનું પણ ગુજરાત પ્રવાસન નિગમનું આયોજન છે. જેથી અમરેલી તથા દેશ વિદેશના પ્રવાસીઓને ભવ્ય વારસાની ઝાંખી કરાવતું મનમોહક નજરાણું મળી રહેશે. ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા રિનોવેશન એન્ડ રિડેવલપમેન્ટ ઓફ પેલેસ (રાજમહેલ) અમરેલી પ્રોજેક્ટ હેઠળ ઈમારતના અંદરના ભાગ તથા બહારના ભાગમાં ડ્રાય-ક્લિનિંગ, છતના વોટર-પ્રૂફિંગ, ચુનાના પથ્થરના ઉપયોગથી



હયાત ઈમારતનું મજબૂતીકરણ, ઝીકી પ્લાસ્ટરની મદદથી હયાત ઈમારતનું રિપેરીંગ, ઈમારતને રાત્રી સુશોભન માટે લાઈટીંગની કામગીરીનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટમાં રાજમહેલને હેરિટેજ હોટલમાં તબદીલ કરવાની કામગીરીની સાથે લાકડાની છત,



પાર્કિંગની સુવિધા અને ગાર્ડન એરિયા પણ વિકસાવવામાં આવશે. આ ઐતિહાસિક રાજમહેલના પુનઃસ્થાપનની કામગીરીમાં રોકાયેલા સૌવિક ઘોષ જણાવે છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની સાથે વિરાસતને જોડી છે, તેમણે વિરાસતને પ્રેરણાસ્ત્રોતરૂપ ગણી, તેમાં પ્રવાસન વિકાસનો નવો આયામ જોડ્યો છે. હાલમાં આ રાજમહેલના પુનઃસ્થાપનની ૯૫ ટકા કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે, આ નવીનીકરણની કામગીરીમાં ખાસ રાજમહેલની જે દાયકાઓ પહેલા જાહોજલાલી હતી તે જળવાઈ રહે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તા.૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ રાજમહેલના પુનઃ નિર્માણના કાર્યનું ખાતમુહૂર્ત કર્યું હતું. ૧૮૯૨માં નિર્મિત આ રાજમહેલમાં એક સમયે લોક દરબાર ભરાતો હતો, આઝાદી બાદ જિલ્લા સેવાસદન એટલે કે કલેક્ટર કચેરી અહીંયા કાર્યરત રહી હતી. રાજમહેલનાં પ્રાંગણમાં મહારાજા સયાજીરાવની કાંસ્ય પ્રતિમા પણ જોવા મળે છે. આમ, ગાયકવાડી શાસનનો પુરાવો આપતો આ રાજમહેલ ફરી તેનો નવો વૈભવ પામવા જઈ રહ્યો છે.

**ધારાસભ્ય કૌશિક વેકરીયાએ મુખ્યમંત્રીને રજૂઆત કરતા**

# ૧૩ ગ્રામ પંચાયતોના નવીનીકરણ માટે ૩.૨૫ કરોડ મંજૂર કરાયા

અમરેલી,તા.૧૦

અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ પોતાના મતવિસ્તારના નવીન પંચાયત ઘર તાત્કાલિક ધોરણે મંજૂર થાય એ માટે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરતા આ અન્વયે



સરકારના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ ગૃહ વિકાસ વિભાગ દ્વારા અમરેલી તાલુકાની ૯ ગ્રામ પંચાયત સરંભડા, સાજિયાવદર, ગાવડકા, નાના ભંડારિયા, ચાપાથળ, ખડ ખંભાળિયા અને કુંકાવાવ તાલુકાના દેવગામ, ખજુરી પીપળિયા, તાલાળી, ઈશ્વરિયા, ખાખરિયા, દેવળકી, લુણીધાર ગામે નવીન ગ્રામ પંચાયત દીઠ ૨૫ લાખ એમ કુલ ૧૩ ગ્રામ પંચાયતો માટે કુલ ૩૨૫ લાખના ખર્ચે સી.ડી.પી. યોજના અંતર્ગત બનાવવા માટે કાર્યવાહી ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.

# કુંકાવાવ તાલુકાના મેઘા પીપળીયા ગામે વિવિધ વિકાસ કાર્યોનો ધારાસભ્યના હસ્તે પ્રારંભ

કુંકાવાવ,તા.૧૦

કુંકાવાવ તાલુકાના મેઘા પીપળીયા ગામે રોડ, બ્લોક રોડ, સીસી રોડ અને ગટરના કામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય અને વિધાનસભાના ઉપ દંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ વસાણી,



માર્કેટિંગ યાર્ડના ચેરમેન ગોપાલભાઈ અંટાળા, તાલુકા ભાજપ પ્રમુખ પરસોતમભાઈ હીરપરા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ મનોજભાઈ હપાણી, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ડુંમર, ચેરમેન તાલુકા ભાજપ તુષારભાઈ ગણાત્રા, હાઈસ્કૂલના આચાર્ય સાંગાણીભાઈ, ગામના સરપંચ જે.ડી. ગુજરીયા, કિસાન એકતા સમિતિના તાલુકા પ્રમુખ કનુભાઈ ડાંગર, મહિલા મોરચાના જિલ્લા મંત્રી રમાબેન હીરપરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી બીઆરસી ભવન ખાતે જ્ઞાન સહાયક સ્થળ પસંદગી કેમ્પ યોજાયો

**૪૩૩ જ્ઞાન સહાયકોને કરાર આધારિત નિમણૂંક આપવામાં આવી**

અમરેલી,તા.૧૦

બી.આર.સી ભવન, અમરેલી ખાતે જ્ઞાન સહાયક સ્થળ પસંદગી કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં સમગ્ર જિલ્લામાં ૪૩૩ જ્ઞાન સહાયકોને કરાર આધારિત નિમણૂક આપવામાં આવી હતી. આ કેમ્પમાં શિક્ષણ સમિતિ, અમરેલીના ચેરમેન મીલાબેન ધોરાજીયા, જિલ્લા પ્રાથમિક શિક્ષણઅધિકારી મિયાણી, નાયબ જિલ્લા શિક્ષણ અધિકારી એમ.જી. સોલંકી, અગ્રણી ભીખાભાઈ ધોરાજીયા, જીગ્નેશભાઈ સાવજ, પ્રાથમિક શૈક્ષણિક સંઘ અમરેલીના પ્રમુખ વિજયભાઈ મકવાણા, પ્રાથમિક શિક્ષક સંઘના મંત્રી રસિકભાઈ મહેતા, જિલ્લા ઉત્કર્ષ મંડળ પ્રમુખ રજનીભાઈ મકવાણા, તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણઅધિકારી, કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન રાજેશભાઈ પાનસુરીયાએ કર્યું હતું.

# અમરેલીમાં જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની કારોબારી બેઠક મળી

બગસરા,તા.૧૦

અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની નવનિયુક્ત કમિટીની પ્રથમ કારોબારી શુક્રવારે અમરેલી ખાતે મળી હતી. જેમાં રાજ્યના પ્રમુખ દ્વારા ૨૦૦૫ પછીના કર્મચારીઓને પેન્શન અપાવવા માટે તમામ પ્રયત્નો કરાશે તેવું જણાવવામાં આવ્યું હતું. તાજેતરમાં યોજાયેલ અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની સમગ્ર જિલ્લાની તમામ કારોબારીની ચૂંટણી બિનહરીફ થઈ હતી. આ બેઠકમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જિલ્લાને બિનહરીફ કરવા બદલ પૂર્વ પ્રમુખ મહેન્દ્રભાઈ વિંછીયાને અભિનંદન આપ્યા હતા. તેમણે ૨૦૦૫ પછી ભરતી થયેલા કર્મચારીઓને પેન્શન અપાવવા માટે આગામી દિવસોમાં ફરી લડત શરૂ



તસવીર : હાર્દિક બામટા

કરાશે તેવું જણાવીને ભવિષ્યમાં તમામ શિક્ષકોને આ લડતમાં પણ તન, મન, ધનથી જોડાવા માટે આહ્વાન કર્યું હતું. આ કાર્યક્રમમાં નિવૃત થતા કારોબારી સભ્યો તથા જિલ્લાના તમામ ચૂંટણી અધિકારીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે રાજ્ય કર્મચારી મંડળના પ્રમુખ સતિષભાઈ પટેલ, અમરેલી શિક્ષણ સમિતિના પ્રતિનિધિ ભીખાભાઈ ધોરાજીયા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કે.વી. મિયાણી, નાયબ શિક્ષણાધિકારી જી.એમ. સોલંકી, રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી જૈમિનભાઈ પટેલ, ઉપપ્રમુખ હરિભાઈ વાળા, કોષાધ્યક્ષ મહેન્દ્રભાઈ વિંછીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધારીના ગોપાલગ્રામમાં દરબાર ગઢના સમારકામની મુલાકાત લેતા કૌશિક વેકરીયા

અમરેલી,તા.૧૦

ચલાલા નજીક આવેલું ગોપાલગ્રામ જે પહેલાં ઢસા નામથી ઓળખાતું, ત્યાંના પ્રજાવત્સલ રાજવી અને સ્વાતંત્ર્યસેનાની પૂ. દરબાર સાહેબ ગોપાળદાસ દેસાઈ તથા ભક્તિબાના સ્મૃતિ મંદિર સમા નિવાસસ્થાન દરબાર ગઢ ખૂબ જુના બાંધકામને કારણે જર્જરિત થયેલ હોય ત્યારે તેનું



સમારકામ ચાલી રહ્યું હોય, જેથી અમરેલીનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ધારીના ધારાસભ્ય જે.વી. કાકડીયા, પૂ. દાનબાપુની જગ્યા ચલાલાનાં લઘુ મહંત મહાવીરબાપુ, ધારી માર્કેટયાર્ડના વાઈસ ચેરમેન હર્ષદભાઈ રાવલ વગેરે આગેવાનોએ રિનોવેશન થઈ રહેલાં ગોપાલગ્રામનાં ઐતિહાસિક દરબાર ગઢની મુલાકાત લીધી હતી. કૌશિકભાઈ વેકરીયાએ આ તીર્થભૂમિને વંદન કરી ગૌરવની લાગણી વ્યક્ત કરતાં યુવા ટ્રસ્ટી મંડળને બિરદાવ્યું હતું.

# અમરેલીના ઓમનગર-૩ના રહેવાસીઓની સફાઈ અને પાણી બાબતે પાલિકામાં રજૂઆત

અમરેલી,તા.૧૦

અમરેલીના ઓમનગર-૩માં રહેતા લોકોએ સફાઈ અને પાણી બાબતે નગરપાલિકામાં જઈ ઉગ્ર રજૂઆત કરી આવેદન પાઠવ્યું હતું. અમરેલીના ઓમનગર-૩માં રહેતા લોકોએ આવેદનપત્રમાં જણાવ્યું છે કે છેલ્લા બે મહિનામાં બે વખત જ પાણી વિતરણ કરવામાં આવ્યું છે, દિવાળી



જેવા તહેવારો નજીક હોય ત્યારે લોકોને પ્રાથમિક સુવિધાઓ પણ આપવામાં આવતી નથી. પ્રાથમિક સુવિધા આપવામાં નગરપાલિકા તદ્દન નિષ્ફળ નિવડી છે. રહેવાસીઓ નિયમિત પાણીવેરો અને સફાઈવેરો ભરતા હોવા છતાં આ વિસ્તારના લોકોને નિયમિત પાણી વિતરણ કરવામાં આવતું નથી તેમજ યોગ્ય રીતે આ વિસ્તારમાં સાફ-સફાઈ પણ કરવામાં આવતી નથી જેથી લોકોની રજૂઆત ધ્યાને લઈ તાત્કાલિક સમસ્યાનું નિરાકરણ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.









## નવી બનેલી સિવિલ હોસ્પિટલમાં સ્પેશ્યાલીસ્ટ ડોકટરો ક્યારે આવશે ?

# બગસરામાં ડાયાલીસીસ સેન્ટર આપવાનું આરોગ્યમંત્રીની વાતનું સુરસુરીયુ

અમરેલી,તા.૧૦

બગસરામાં ત્રણ મહિના પહેલા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે સિવિલ હોસ્પિટલ ખુલ્લી મુકવામાં આવી હતી. તે સમયે આરોગ્યમંત્રીએ એક મહિનામાં ડાયાલીસીસ સેન્ટર આપવાની જાહેરમાં વાત કરી હતી પરંતુ આ વાતને ત્રણ મહિના થયા છતાં પણ હજુ ડાયાલીસીસ સેન્ટર માટે કોઈ કાર્યવાહી ન થતા આપ આગેવાન કાંતિભાઈ સતાસીયાએ મુખ્યમંત્રી, આરોગ્ય મંત્રીને પત્ર પાઠવ્યો છે. બગસરામાં ત્રણ મહિના પહેલા રૂા.૪.૫૦ કરોડના ખર્ચે અદ્યતન હોસ્પિટલનું આરોગ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઋષિકેશ પટેલે જાહેર મંચથી વાત ઉચ્ચારી હતી કે એક મહિનામાં સિવિલ હોસ્પિલલમાં ડાયાલીસીસ સેન્ટર ખોલવામાં આવશે.

જો કે ત્રણ મહિના બાદ પણ હજુ ડાયાલીસીસ સેન્ટર માટે કોઈ કામગીરી ન કરવામાં આવતા આપ આગેવાન કાંતિભાઈ સતાસીયાએ સવાલ ઉઠાવ્યા છે. કાંતિભાઈ સતાસીયાએ જણાવ્યું હતું કે, બગસરા તેમજ આજુબાજુના ગામના દર્દીઓ ડાયાલીસીસ માટે અમરેલી, કુંકાવાવ જાય છે. સરકારે આવી અદ્યતન હોસ્પિટલ બનાવી છે પરંતુ વાયદા મુજબ ડાયાલીસીસ સેન્ટર ખોલવામાં આવ્યું નથી તેમજ અદ્યતન હોસ્પિટલમાં ઓર્થોપેડીક, સર્જન, એમ.ડી. સહિતના ડોકટરો પણ નથી ત્યારે દર્દીઓની જરૂરીયાતને ધ્યાને રાખી ડાયાલીસીસ સેન્ટર અને સ્પેશ્યાલીસ્ટ ડોકટરો મુકવા માટે કાંતિભાઈ સતાસીયાએ રજૂઆત કરી છે.

## ડાયાલીસીસ સેન્ટર આપવા માટે 'આપ' આગેવાને મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# ધારાસભ્ય જે.વી. કાકડીયાના હસ્તે ભાડેર ગામે સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ

## જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી, સરપંચ સહિત ભાજપ કાર્યકરો હાજર રહ્યા




અમરેલી,તા.૧૦

ધારી તાલુકાના ભાડેર ગામ ખાતે ધારાસભ્ય જે.વી. કાકડીયાના હસ્તે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ધારી તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશ કોટડીયા, માર્કેટિંગ યાર્ડ વાઈસ ચેરમેન હર્ષદભાઈ રાવલ, ભાડેર ગામના સરપંચ મુન્નાભાઈ તેમજ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે લાઠીના કેરાળા અને હીરાણા ગામે રૂ. ૨.૧૫ કરોડના ખર્ચે સુવિધાપથનું ખાતમુહૂર્ત

લાઠી,તા.૧૦



લાઠી વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે લાઠી તાલુકાના કેરાળા અને હીરાણા - ખાતે અંદાજિત રૂ.૨.૧૫ કરોડના ખર્ચે તૈયાર થનારા આધુનિક સી.સી. રોડ (કોંક્રિટ રોડ) એટલે કે સુવિધાપથનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, પ્રજાના સુખાકારી અને ગામડાઓમાં માળખાગત સુવિધાઓ વધારવા માટે સરકાર કટિબદ્ધ છે અને તેઓ લાઠી વિસ્તારના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેશે. આ વિકાસકાર્ય અંતર્ગત કેરાળા ગામે કુલ રૂ.૧.૪૦ કરોડના ખર્ચે સી.સી. રોડનું નિર્માણ થશે. જ્યારે હીરાણા ગામ માટે રૂ.૭૫ લાખના ખર્ચે સી.સી. રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સદસ્ય જીતુભાઈ ડેર, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ મગનભાઈ કાનાણી, માર્કેટિંગ યાર્ડના ચેરમેન દકુભાઈ પડસાળા સહિત તાલુકા પંચાયતના હોદ્દેદારો, વિવિધ ગામના સરપંચો, આગેવાનો, કાર્યકરો, સંતો-મહંતો અને મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

# ગજેરા કેમ્પસના DLSS ખેલાડીઓએ રાજ્ય કક્ષા હેન્ડબોલ સ્પર્ધામાં બે સુવર્ણ અને એક રજત પદક મેળવ્યા

અમરેલી,તા.૧૦



શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ, અમરેલીની જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS)ની ખેલાડી બહેનોએ તારીખ ૧૬ થી ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન સોમનાથ ખાતે યોજાયેલી ૬૯મી U-૧૪, U-૧૭ અને U-૧૯ રાજ્ય કક્ષાની હેન્ડબોલ ચેમ્પિયનશિપમાં અદ્દ્ભુત પ્રદર્શન કરીને અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. આ સ્પર્ધામાં ગજેરા કેમ્પસની ટીમોએ બે સુવર્ણ પદક અને એક રજત પદક મેળવીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. જેમાં U-૧૪ બહેનોની હેન્ડબોલ ટીમે સુવર્ણ પદક મેળવ્યો હતો. જ્યારે U-૧૯ બહેનોની હેન્ડબોલ ટીમે પણ સુવર્ણ પદક પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત, U-૧૭ બહેનોની હેન્ડબોલ ટીમે રજત પદક મેળવી સિદ્ધિ હાંસલ કરેલ છે. સંસ્થા તરફથી વિદ્યાર્થીઓને રમતગમતમાં નિયમિત પ્રેક્ટિસ માટે મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન પાઠવ્યા હતા.

# લીલીયામાં બિનકાયદેસર 'ગુરુવારી બજાર' બંધ કરાવવા ચેમ્બર ઓફ કોમર્સની રજૂઆત

લીલીયા,તા.૧૦



લીલીયા શહેરમાં પાછલા ત્રણ વર્ષથી બસ સ્ટેન્ડ નજીકની માલિકીની જગ્યામાં બિનકાયદેસર રીતે ભરાઈ રહેલી 'ગુરુવારી બજાર'ને તાત્કાલિક બંધ કરાવવા માટે સ્થાનિક ચેમ્બર ઓફ કોમર્સ અને વેપારી સંગઠને ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત કચેરી સમક્ષ આક્રમક રજૂઆત કરી હતી. આ ગુરુવારી બજારમાં જીવન જરૂરી ચીજવસ્તુઓના ૩૦૦ ઉપરાંત સ્ટોલ લગાવવામાં આવે છે. મોટાભાગના વેપારીઓ અમરેલી, ધારી, બગસરા અને ગોંડલ સહિતના બહારના શહેરોમાંથી આવતા હોવાથી તેની સીધી અને નકારાત્મક અસર શહેરના સ્થાનિક વેપાર-ધંધા પર પડી રહી છે. સ્થાનિક સત્તાધિશોને વારંવાર જાણ કરવા છતાં કોઈ પરિણામ ન મળતા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ પરીનભાઈ સોની અને વેપારી અગ્રણી રસિકભાઈ વંડ્રાની આગેવાનીમાં વેપારીઓ ગુરુવારી બજાર બંધ કરાવવાના મુદ્દે ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત કચેરીએ દોડી આવ્યા હતા. આ તકે તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્યને રજૂઆત કરતાં તેમણે જણાવ્યું હતું કે, આ પ્રશ્ને ગ્રામ પંચાયત, સરપંચ અને તલાટી કમ મંત્રીને પાંચ વખત લેખિત સૂચના આપીને ઉકેલ લાવવા કાર્યવાહી કરવા જણાવ્યું છે, જેની જાણ ડી.ડી.ઓ. અમરેલીને પણ કરવામાં આવી છે. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ પરીનભાઈ સોનીએ જણાવ્યું હતું કે, લીલીયા તાલુકો આર્થિક રીતે પછાત હોવા છતાં ગુરુવારી બજાર શરૂ થતાં સ્થાનિક વેપારીઓની દશા 'પડ્યા પર પાટુ માર્યા' જેવી થઈ છે. TDO કિશોર આચાર્યએ વધુમાં જણાવ્યું હતું કે, ગ્રામ પંચાયત, સરપંચ અને તલાટી મંત્રીને જરૂરી મંજૂરી ઠરાવો રજૂ કરવા જણાવવામાં આવ્યું છે.

# સ્વામિનારાયણ મંદિર, બગસરા દ્વારા 'ત્રિમાતૃ મહોત્સવ'નું ભવ્ય આયોજન

બગસરા,તા.૧૦

બગસરા સ્થિત સ્વામિનારાયણ મંદિર દ્વારા આગામી ડિસેમ્બર માસમાં જનેતા, ગૌમાતા તથા ધરતીમાતા પ્રત્યે ઋણ ચૂકવવાના સંકલ્પ સાથે 'ત્રિમાતૃ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવની સાથે સાથે તારીખ ૧૪ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન 'સત્સંગી જીવન કથા પારાયણ' પણ યોજાશે. સ્વામિનારાયણ મંદિર બગસરાના વક્તા વિવેક સ્વરૂપદાસજીએ જણાવ્યું કે, આજના સમયમાં લોકો જનેતા, ગૌમાતા તથા ધરતીમાતા પ્રત્યે સંવેદનહીન બની રહ્યા છે, ત્યારે તેમના પ્રત્યે ભાવાત્મક એકતાથી જોડાણ કરવાના હેતુ સાથે આ ત્રિમાતૃ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આચાર્ય રાકેશપ્રસાદદાસજી મહારાજની પ્રેરણાથી યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં સમાજને શક્તિ આપનાર આ ત્રણેય માતૃશક્તિઓ પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાનો અને પરિવાર, ગાય તથા ધરતી પ્રત્યે સંવેદના જગાડવાનો પ્રયાસ કરવામાં આવશે. આ કથામાં મોટી સંખ્યામાં લોકોને લાભ લેવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

# લીલીયા તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૨મીએ યોજાશે

અમરેલી,તા.૧૦

લીલીયા તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૨ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સવારે ૧૧ કલાકે લીલીયા તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય, તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક સિવાયના પ્રશ્નો તા.૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ બપોરે ૦૩ કલાક સુધીમાં લીલીયા મામલતદાર કચેરી ખાતે રુબરુ અથવા પોસ્ટ મારફતે મોકલવા. અરજીના મથાળે "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" અવશ્ય લખવું.












## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૭૯/૨૦૨૫ — તા.૦૧/૧૦/૨૦૨૫

શ્રી છગનભાઈ માધાભાઈ માલવીયા,
રહે. ગંજીવાડા, વિસાવદર, તા. વિસાવદર, જી. જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર, તા.વિસાવદર જી.જુનાગઢ ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી શ્રી છગનભાઈ માધાભાઈ માલવિયા રહે. ગંજીવાડા, વિસાવદર, તા. વિસાવદર, જી. જુનાગઢ એ તેમના પુત્ર શ્રી કિરણકુમાર છગનભાઈ માલવીયાનો જન્મ તા.૦૪/૦૭/૧૯૬૫ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા - વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા - વિસાવદર, તા.વિસાવદર, જી.જુનાગઢ ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૧ મી ઓકટોબર ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.171/2025

પ્રતિ,
શ્રી રાજાભાઈ જગમાલભાઈ બારડ,
રહે. ફાચરીયા, ગામ-ફાચરીયા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ફાચરીયા
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના ફાચરીયા ગામના રહીશ રાજાભાઈ જગમાલભાઈ બારડ તથા સવિતાબેન રાજાભાઈ બારડના પુત્ર જીતુભાઈ રાજાભાઈ બારડનો જન્મ તારીખ 01/06/1986 ના રોજ કોડીનાર તાલુકાના ફાચરીયા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ફાચરીયા, તાલુકો- કોડીનાર સને.1986 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૪/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૬/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૯૩/૨૦૨૫

અરજદાર : શ્રી કાજી રહિમભાઈ હશનભાઈ
સરનામુ : મું.વઢેરા તા.જાફરાબાદ જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વઢેરા
મું.વઢેરા તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વઢેરા** ગામના **શ્રી કાજી રહિમભાઈ હશનભાઈ** એ તેમના **પુત્ર નામેશ્રી હુસેન રહીમભાઈ કાજી નો જન્મ** તા.૨૬/૦૩/૧૯૮૪ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી મુકેશભાઈ કે. પરમાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૬ માહે. જુલાઈ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૬/૦૭/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં - ગારીયાધાર

-:જાહેર નોટીસ:-

બી. એન્ડ ડી. રજી. નં. ૧૩૨-૨૦૨૫

શ્રી ખુંટ સંગીતાબેન હરીભાઈ વા/ઓ લાઠીયા રસીકભાઈ
રહે.સુરત જિ.ભાવનગર ....અપીલવાળા

વિરૂધ્ધ

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને ત.ક.મ.શ્રી,
ગુજરડા, તા.ગારીયાધાર, જિ.ભાવનગર ......સામાવાળા

**વિષય :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી ખુંટ સંગીતાબેન હરીભાઈ વા/ઓ લાઠીયા રસીકભાઈના પોતા શ્રી ખુટ સંગીતાબેન હરીભાઈનું જન્મ તા. ૦૫/૦૩/૧૯૮૦ના રોજ મોજે. ગુજરડા, તા. ગારીયાધાર ખાતે થયેલ હોય પરંતુ મોજે. ગુજરડા ગ્રામ પંચાયતના રજીસ્ટરે તેમની તારીખ નોંધાયેલ ન હોય જેથી નાં દાખલાની જરૂરીયાત હોવાથી સદરહું અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેઓના પોતાના અંગેની નોંધ જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને ત.ક.મ.શ્રી ગુજરડાના જન્મ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગારીયાધાર ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

મુદત તા.૧૬/૧૦/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે હાજર રહેવું.

સ્થળ :- ગારીયાધાર
તારીખ :- ૦૪/૧૦/૨૦૨૫

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગારીયાધાર

# લાઠીના રામપરથી ચાવંડ રોડ રીસર્ફેસિંગનું રૂ. ૭.૩૯ કરોડના ખર્ચે જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત

લાઠી, તા. ૧૦

લાઠી તાલુકાના રામપરથી ચાવંડ સુધીના અતિ મહત્વના રોડનું રીસર્ફેસિંગ કામ આજે શરૂ કરવામાં આવ્યું હતું. લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ રોડના નવીનીકરણ માટે રૂ. ૭.૩૯ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. લાઠી-બાબરા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના શુભ હસ્તે વિધિવત રીતે આ રોડના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં વિકાસના કામો ઝડપથી આગળ વધી રહ્યા છે. આ રોડ તૈયાર થવાથી રામપર, ચાવંડ અને આસપાસના અનેક ગામોના હજારો લોકોને સુવિધા મળશે. બિસ્માર રસ્તાને કારણે લોકોને પડતી મુશ્કેલીઓ હવે દૂર થશે અને મુસાફરી વધુ સરળ બનશે. આ શુભ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય જીતુભાઈ ડેર, તાલુકા ભાજપ પ્રમુખ પરેશભાઈ કનાળા, તાલુકા પંચાયતના પ્રમુખ મધુભાઈ નવાપરા સહિતના હાજર રહ્યા હતા.



# સા.કુંડલા તાલુકાના ચીખલી ગામે વિકાસ રથનું ઉમળકાભેર સ્વાગત

**ધારાસભ્ય મહેશ કસવાળાએ વિવિધ કામોના વર્ક ઓર્ડર આપ્યા**

અમરેલી,તા.૧૦

સાવરકુંડલા તાલુકાના ચીખલી મુકામે 'વિકાસ રથ'ને ગ્રામજનોએ ઉમકાભેર આવકાર્યો હતો અને ભાતીગળ પરંપરાથી રથનું સ્વાગત કર્યું હતું. વિકાસ સપ્તાહની ઉજવણીના કાર્યક્રમમાં સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ મનરેગા યોજના અન્વયે રૂ. ૧૫ લાખથી વધુના ખર્ચે તૈયાર થયેલ ચીખલી ગ્રામ પંચાયતના નવા મકાનનું લોકાર્પણ કર્યું હતું. ઉપરાંત મહાનુભાવોના હસ્તે સાવરકુંડલાના મેરીયાણા, કૃષ્ણગઢ, બગોયા ગ્રામ પંચાયત કચેરીને કોમ્પ્યુટર, પ્રિન્ટરના સેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વણોટ, સાકરપરા સહિતની ગ્રામ પંચાયતોને વિવિધ વિકાસકામોના વર્કઓર્ડર એનાયત કરવામાં આવ્યા હતા.



# બગસરાના હામાપુર ગામે મનદુ:ખમાં ઢીકાપાટુ માર્યા

**છ મહિના પહેલા બાઇક આપવાની ના પાડી હતી**

બગસરા,તા.૧૦

બગસરાના હામાપુર ગામે છ મહિના પહેલા બાઈક આપવાની ના પાડ્યાના મનદુ:ખમાં યુવકને ગાળો બોલી ઢીકાપાટુનો મુંઢમાર મારવામાં આવ્યો હતો. જેને લઈ ઠાકરશીભાઈ શામજીભાઈ ગોહીલ (ઉ.વ.૪૧)એ શિવાભાઈ વાસુરભાઈ મોડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમણે આરોપીને છ મહિના પહેલા પોતાની મોટર સાયકલ આપવાની ના પાડી હતી. જેનું મનદુ:ખ રાખી જેમ ફાવે તેમ ગાળો બોલીને ઢીકાપાટુ માર્યા હતા તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એચ. મીગ વધુ તપાસ કરી રહ્યા છે.

# બાઢડા ગામે પોષણ અને શિક્ષણ કેન્દ્રિત કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા. ૧૦

સાવરકુંડલાના બાઢડા ગામે વિકાસ સપ્તાહ અંતર્ગત 'પોષણ, શિક્ષણ અને સર્વાંગી વિકાસ' ને કેન્દ્રમાં રાખીને એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્થાનિક વહીવટી તંત્ર અને સાવરકુંડલાના આઈ.સી.ડી.એસ. વિભાગના સંકલનથી આયોજિત આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ કાર્યક્રમમાં આંગણવાડી કેન્દ્રોની બહેનોએ ટી.એચ.આર. અને મિલેટ્સમાંથી બનાવેલી પૌષ્ટિક અને નવીન વાનગીઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું. ઉપરાંત બાળકોના પૂર્વ પ્રાથમિક શૈક્ષણિક વિકાસને પ્રોત્સાહિત કરતી શૈક્ષણિક સામગ્રી, ચાર્ટ્સ અને મોડેલ્સ પણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. વાનગી સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક જોડાયેલા આંગણવાડી કાર્યકર બહેનોમાંથી સ્પર્ધાને અંતે શ્રેષ્ઠ વાનગીઓ બનાવનાર બહેનોને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત આંગણવાડીની બહેનો દ્વારા વિકાસ સપ્તાહને અનુરૂપ રંગોળી બનાવવામાં આવી હતી, આ આકર્ષક રંગોળીએ પણ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. આ કાર્યક્રમના સફળ આયોજન માટે મહાનુભાવો દ્વારા સાવરકુંડલા આઈ.ડી.ડી.એસ. વિભાગને અભિનંદન પાઠવ્યા હતાં.



# અમરેલીમાં વેપારીના બાઈકની અજાણ્યા ઈસમે ઉઠાંતરી કરી

**વેપારીએ અજાણ્યા ઈસમ સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૧૦

અમરેલીમાં રહેતા એક વેપારીની રૂપિયા ૧૦,૦૦૦ની કિંમતના બાઈકની ચોરી થઈ હતી. બનાવ અંગે ભાવેશભાઈ મધુભાઈ અગ્રાવત (ઉ.વ.૪૦)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે રૂપિયા ૧૦૦૦૦ની કિંમતનું બાઈક ગોલ્ડન પ્લાઝા નજીક પાર્ક કર્યું હતું. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો.

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કિશનભાઈ ભુપતભાઈ આસોદરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**ધારાસભ્ય મહેશ કસવાળા, સરપંચ અશોકભાઈ બોરીચા સહિતનાઓની હાજરીમાં**

# સાવરકુંડલા તાલુકાના લુવારા ગામે સુરજવડી ડેમમાં નર્મદાના નીર આવતા વધામણા કરાયા

સાવરકુંડલા,તા.૧૦

સાવરકુંડલા તાલુકાના લુવારા ગામે સુરજવડી ડેમમાં નર્મદાના નીર ડેમમાં આવતા સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, લુવારાના સરપંચ અશોકભાઈ બોરીચા ઉપસરપંચ રણુભાઈ ચાંદુ તેમજ રાજકીય સામાજિક આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને નીરની વધામણી કરી હતી. નર્મદાના નીર સુરજવડીમાં ઠલવાતા પાણીનો પ્રશ્ન મહદઅંશે હલ થયો છે.


તસવીર : સૌરભ દોશી

**ખાંભાના નાના બારમણ ગામનો બનાવ**

# મહિલાનું માથું દીવાલમાં ભટકાવી જાનથી મારવાની ધમકી આપી

**બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી**

ખાંભા, તા.૧૦

ખાંભાના નાના બારમણ ગામે એક મહિલાનું માથું દીવાલમાં ભટકાવીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. અરવિંદભાઈ રામભાઈ નાગર (ઉ.વ.૨૮)એ હિંમતભાઈ રામભાઈ નાગર અને હિરલબેન હિંમતભાઈ નાગર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના પત્નીએ વાત કરી હતી કે, 'હિરલબેન હિંમતભાઈ નાગર મને ખરી-ખોટી સંભળાવે છે અને આપણા છોકરાવને પણ ડારા આપ્યા કરે છે' જેથી તેઓ ઠપકો આપવા ગયા હતા. જે બાબતનું હિંમતભાઈ રામભાઈ નાગરને સારૂ નહીં લાગતા બીભત્સ ગાળો આપી તેમજ પ્લાસ્ટિકની નળીના બટકા વડે વાંસાના ભાગે પાંચ ઘા મારી મુંઢમાર માર્યો હતો. તેમજ તેના પત્ની વચ્ચે આવતા તેને પણ પ્લાસ્ટિકની નળીના બટકા વડે ચાર ઘા મારી તથા પડખામાં પાટુ મારી મુંઢ ઈજા કરી હતી. ઉપરાંત તેમના પત્નીનું માથુ દિવાલમાં ભટકાવી મુંઢ ઈજા કરી જતા-જતા બંને આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ હિરલબેન હિંમતભાઈ રામભાઈ નાગર (ઉ.વ.૩૫ )એ અરવિંદભાઈ રામભાઈ નાગર તથા ભારતીબેન અરવિંદભાઈ નાગર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપીઓ ઝઘડો કરતા હતા. જેથી તેઓ રૂમમાં પુરી જતા રહ્યા હતા. આ અંગે સારૂં ન લાગતા તેમને તથા સાહેદને જેમ-ફાવે તેમ ગાળો આપી હતી તેમજ તેના વાળ પકડી પછાડી દઈ ઢીકાપાટુનો મુંઢમાર મારવા લાગ્યા હતા. તેમને તથા સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.પી. ગાજીપરા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: પાંચમ
તા. ૧૧-૧૦-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૬:૧૯,
સૂર્યાસ્ત-૦૫:૫૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રોહિણી

## દૈનિક રાશિફળ

**તા.૧૧-૧૦-૨૦૨૫ શનિવાર**

- મેષ: આજે મન પ્રસન્ન રહેશે. ધર્મ અને આધ્યાત્મિકતામાં તમારી શ્રદ્ધા વધશે. વેપાર અને વ્યવસાય આજે સામાન્ય કરતાં વધુ સારી રીતે આગળ વધશે.
- વૃષભ: આજનો દિવસ તમારા માટે લાભ લાવશે પરંતુ તમારે કોઈ ચોક્કસ કાર્યની રાહ જોવી પડશે. તે પછી જ કાર્યના સફળ વિસ્તરણની યોજના કરી શકશો.
- મિથુન: તમારા માટે આજનો દિવસ શુભ રહેશે. ધંધામાં અપેક્ષિત સફળતાથી તમે સંતુષ્ટ થશો પરંતુ બેસો નહીં અને લાભ મેળવવાની આશા રાખો.
- કર્ક: આજનો દિવસ તમારા માટે પ્રતિકૂળ રહેશે. આજે કાર્યમાં નિષ્ફળતાના કારણે મન નિરાશાથી ભરેલું રહેશે, જેના કારણે આજે તમારામાં ક્રોધની માત્રા પણ વધુ રહેશે.
- સિંહ: આજે તમે અશક્ય કાર્યોને પણ શક્ય બનાવવાનો પ્રયાસ કરશો. વેપારીઓને આજે લાભ મેળવવા માટે વધુ મહેનત કરવી પડશે.
- કન્યા: આજનો દિવસ તમારા માટે આનંદકારક રહેશે. પરિવાર તરફથી સુખ મળશે અને પરિવાર તરફથી આનંદ મળશે અને રચનાત્મક કાર્યો થશે.
- તુલા: ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સારા જોડાણ થશે, જેને પ્રોત્સાહન મળવાની સંભાવના છે. સાંજે બાળકની બાજુથી અચાનક સારા સમાચાર મળી શકે છે.
- વૃશ્ચિક: આજે વધારે ગુસ્સો થવાને કારણે પરિવાર સાથે કોઈ બાબતે વિવાદ થવાની સંભાવના છે. પરંતુ વધારે ખર્ચને કારણે આર્થિક સ્થિતિ નબળી પડી શકે છે.
- ધન: કાર્યક્ષેત્રમાં તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો, નહીં તો વરિષ્ઠ અધિકારીઓ સાથે અણબનાવ થઈ શકે છે.
- મકર: આજે તમે તમારા કાર્યમાં વ્યસ્ત રહેશો અને કોઈ પણ વિરોધીની ટીકા અને અવરોધ તરફ ધ્યાન ન આપીને તમારું કાર્ય ચાલુ રાખશો.
- કુંભ: આજે તમારા માટે અનુકૂળ રહીને તમે શારીરિક અને માનસિક સુખનો અનુભવ કરશો. કોઈપણ સ્પર્ધામાં હરીફ વિદ્યાર્થીઓ જીતી શકે છે.
- મીન: આજે તમે મૂંઝવણની સ્થિતિમાં રહેશો. અનિશ્ચિત સ્થિતિમાં રહીને તમારા હાથમાંથી નફાની તકો નીકળી શકે છે.

# વડીયા પોલીસે નિવૃત્ત શિક્ષકનો મોબાઈલ અને ATM કાર્ડ સાથેની થેલી શોધીને પરત કરી

વડીયા,તા.૧૦

વડીયા પોલીસ ટીમે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત સાચા અર્થમાં સાર્થક કામગીરી કરી છે. વડીયા તાલુકાના અનીડા ગામના નિવૃત્ત શિક્ષક ગુણવંતરાય ભવાનીશંકર ચાંઉ (ઉં.વ. ૬૮)નો એક રેડમી એન્ડ્રોઇડ બ્લુ કલરનો મોબાઈલ ફોન, બેંક ઓફ બરોડા અને SBI બેંકના ATM કાર્ડ સાથેની થેલી અનીડા ગામના બસ સ્ટેન્ડ પાસે પડી ગયેલ હતી. આ અંગે વડીયા પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવી હતી. જેને ધ્યાનમાં લઈ વડીયા પોલીસે તાત્કાલિક એક ટીમ બનાવી હતી. વડીયા પોલીસની આ ટીમે ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સિંગની મદદથી ગુમ થયેલ એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન અને બે એટીએમ કાર્ડ સહિતની ચીજવસ્તુઓ શોધી કાઢી આ મુદ્દામાલ મૂળ માલિક ગુણવંતરાય ચાંઉને સોંપી આપ્યો હતો.



# રાજુલામાં મહિલા પાસેથી બે લીટર દેશી દારૂ મળ્યો

રાજુલા, તા.૧૦

રાજુલામાં મહિલા પાસેથી બે લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. ખડાધાર ચેકપોસ્ટ પરથી પાંચ સહિત જિલ્લામાંથી કુલ ૧૦ ઈસમો નશામાં ચુર થઈને ફરતા મળી આવ્યા હતા. શાખપુર ગામથી આગળ દામનગર તરફ જતા રોડ પરથી એક યુવક પસાર થતો હતો ત્યારે અટકાવી તલાશી લેતાં દારૂની બોટલ મળી હતી.

# લાઠીના ધામેલ ગામે સર્પદંશથી મહિલાનું મોત

દામનગર, તા.૧૦

લાઠીના ધામેલ ગામે રહેતી એક મહિલાને સર્પદંશના કારણે સારવાર માટે ખસેડવામાં આવી હતી. આ દરમિયાન તેનું મોત થયું હતું. બનાવ અંગે રંજનબેન ધીરૂભાઈ ભલગામાએ જાહેર કર્યા મુજબ, કુંવરબેન બાલાભાઈ ભલગામાને જમણા હાથના અંગુઠા પાસેની પ્રથમ આંગળીએ ઝેરી સાપ કરડી જતા સારવાર અર્થે ખસેડાયા હતા. આ દરમિયાન તેમનું મોત થયું હતું.

# બાબરાના ખીજડીયા કોટડા ગામે જૂની અદાવતમાં યુવક પર હુમલો

**જાનથી મારી નાખવાની ધમકી આપી**

બાબરા, તા.૧૦

બાબરાના ખીજડીયા કોટડા ગામે જૂની બોલાચાલી અને મનદુ:ખના કારણે ચાર જેટલા આરોપીઓએ એક યુવક પર હુમલો કર્યો હતો અને તેને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. આ અંગે ભોગ બનનાર યુવકે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. હસમુખભાઈ ઉર્ફે હસુભાઈ ખોડાભાઈ સોલંકી (ઉ.વ.૩૫) એ રાજદીપભાઈ પટગીર, જયરાજભાઈ ગભરૂભાઈ ધાધલ, પૃથ્વી ધાધલ તથા કનુભાઈ પીઠુભાઈ ધાધલના દીકરા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, અગાઉ તેમણે રાજદીપભાઈ પટગીરના સસરાને પોતાના ટુ-વ્હીલ પર બેસાડ્યા હતા. આ ઉપરાંત, તેના પિતા સાથે પણ રાજદીપભાઈ પટગીરને ભૂતકાળમાં બોલાચાલી થઈ હતી. આ બાબતનું મનદુ:ખ રાખીને આરોપી તેમને ગાળો આપી, લાતો અને પાટું મારી હુમલો કર્યો હતો. ઉપરાંત છરી બતાવીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક એન.બી. ગોરડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા તાલુકાના શેલણા ગામે પોષણક્ષમ વાનગીઓનું નિદર્શન કરાયું

અમરેલી,તા.૧૦

સાવરકુંડલાના શેલણા ગામે વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં પોષણક્ષમ વાનગીઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ખાસ પોષણ, શિક્ષણ અને સર્વાંગી વિકાસ સંદર્ભે જનજાગૃતિ વ્યાપક બને તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખાસ આંગણવાડી કાર્યકર બહેનોએ વાનગી સ્પર્ધા અંતર્ગત ટી.એચ.આર. અને મિલેટ્સમાંથી બનાવેલી વાનગીઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું. ઉપરાંત બાળકોના પૂર્વ પ્રાથમિક શિક્ષણ સામગ્રી ચાર્ટ્સનું પણ નિદર્શન રાખવામાં આવ્યું હતું. આમ, આ કાર્યક્રમમાં પોષણ અને શિક્ષણથી ગ્રામજનોને વાકેફ કરવામાં આવ્યા હતા.



તંત્રી લેખ

## ખેદાનમેદાન થયેલા ગાઝામાં શાંતિનો સૂર્યોદય

ગાઝા પટ્ટી વિશ્વના સૌથી સંવેદનશીલ અને સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાંનો એક છે. વર્ષોથી ચાલુ રહેલો ઇઝરાયલ અને પેલેસ્ટાઇન વચ્ચેનો વિવાદ આજે શાંતિની આશા અને હિંસાની હકીકત વચ્ચે અટવાઈ ગયો છે. છેલ્લા કેટલાંક મહિનાઓમાં આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક શાંતિ પ્રયાસો થયા છે, પરંતુ ગાઝાના નાગરિકો માટે શાંતિ હજી પણ એક સ્વપ્ન સમાન છે. તાજેતરમાં રજૂ કરાયેલા "ગાઝા પીસ પ્લાન" ને નવી આશા તરીકે જોવામાં આવી રહી છે, જેમાં પ્રદેશમાં કાયમી શાંતિ સ્થાપવાની અને માનવતાવાદી પુનઃસ્થાપન કરવાની કોશિશ કરવામાં આવી રહી છે. ગાઝા પીસ પ્લાનના મુખ્ય ધ્યેયોમાં સર્વપ્રથમ યુદ્ધવિરામ છે. અનેકવાર જાહેર થયેલા યુદ્ધવિરામો લાંબા સમય સુધી ટકી શક્યા નથી, પરંતુ આ વખતે આંતરરાષ્ટ્રીય દબાણ અને રાજનૈતિક મધ્યસ્થતાના કારણે એક વધુ સ્થિર સમાધાન શોધવાની કોશિશ ચાલી રહી છે. આ યોજના પ્રમાણે ગાઝામાં આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સંસ્થાઓ અને યુનાઈટેડ નેશન્સની દેખરેખ હેઠળ માનવતાવાદી સહાય પહોંચાડવાની વ્યવસ્થા સૂચવાઈ છે. વિવાદગ્રસ્ત વિસ્તારોમાંથી સ્થળાંતરીત પરિવારોને પુનઃ વસાવવામાં આવે તેમજ બાળકો માટે શિક્ષણ અને આરોગ્ય સેવા પુનઃ ચાલુ કરવા માટે સહાયકારક વાતાવરણ બનાવવા પર ભાર મૂકાયો છે. પ્લાનનો બીજો મહત્વનો ભાગ છે રાજકીય સંવાદને પુનઃજીવિત કરવો. ઇઝરાયલ અને પેલેસ્ટાઇનના પ્રતિનિધિઓ વચ્ચે સીધી ચર્ચા પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે જેથી બંને પક્ષોની સુરક્ષા ચિંતાઓ અને રાજકીય હક્કો વચ્ચે સંતુલન સાધી શકાય. અમેરિકાની મધ્યસ્થતા સાથે ઈજિપ્ત અને કતાર જેવા પ્રદેશીય દેશોએ પણ સક્રિય ભૂમિકા ભજવી છે. આ શાંતિ યોજનાનો ઉદેશ માત્ર લડાઈ રોકવાનો નથી, પરંતુ આગામી પેઢી માટે સ્થિર અને વ્યવહારુ શાંતિ માળખું રચવું છે. તેમજ ગાઝાના પુનર્નિર્માણ માટે વિશેષ ફંડ અને નાણાકીય સહાય ઉપલબ્ધ કરાવવાની પણ ચર્ચા ચાલી રહી છે, જેથી તબાહ થયેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નિવાસસ્થાનોને ફરીથી ઊભા કરી શકાય. ગાઝા પીસ પ્લાનમાં માનવાધિકારના ઉલ્લંઘનો પર પણ ધ્યાન કેન્દ્રિત રાખવામાં આવ્યું છે. છેલ્લા યુદ્ધ દરમિયાન બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધોની મોટી સંખ્યામાં જાનહાનિ થઈ હતી, જેના કારણે આંતરરાષ્ટ્રીય સમુદાયમાં નૈતિક આક્રોશ વધ્યો. તાજેતરના વર્ષોમાં બનેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શાંતિ માટે માનવતાની મોટામાં મોટી જરૂરિયાત અનુભવાઈ રહી છે. આ યોજનામાં રાજકીય હથિયાર વિહોણો માર્ગ અપનાવવાની અને આતંકવાદી પ્રવૃત્તિઓને રોકવા માટે ટેકનોલોજીકલ દેખરેખ વધારવાની પણ ભલામણ કરવામાં આવી છે. યુનાઈટેડ નેશન્સ અને યુરોપિયન યુનિયન આ પ્લાનને સમર્થન આપીને ગાઝામાં હોસ્પિટલ, શાળાઓ અને પાણીની સપ્લાય સિસ્ટમને પુનઃસ્થાપિત કરવાની પ્રક્રિયામાં સહાય કરી રહ્યાં છે. લાંબા સમયથી ચાલી આવેલી હિંસાએ ગાઝાના નાગરિક જીવનને અંધકારમાં ધકેલી દીધું છે, પરંતુ શાંતિ માટેના આ પ્રયાસ કદાચ નવી શરૂઆત બની શકે છે. તાજેતરના અહેવાલો મુજબ કેટલીક ceasefire લાઈન્સ પર હજી પણ તણાવ છે, છતાંયે શાંતિ પ્રક્રિયા માટે રાજદ્વારી સ્તરે સતત ચર્ચાઓ થઈ રહી છે. જો આ યોજના સફળ થાય તો માત્ર ગાઝા જ નહિ, પરંતુ સમગ્ર મધ્યપૂર્વ માટે નવી દિશા આપી શકે છે જ્યાં સંઘર્ષની જગ્યાએ સહઅસ્તિત્વનાં રાજકીય મૂલ્યો વિકસે. ગાઝા પર હાલનું યુદ્ધ ૭ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ શરૂ થયું, જ્યારે હમાસના લશ્કરે ઇઝરાયલની સરહદ પર અચાનક મોટો હુમલો કર્યો. આ હુમલામાં નાગરિક અને સૈનિક બંનેને ટારગેટ બનાવવામાં આવ્યા હતા.


# શિક્ષિત બેરોજગારીઃ ભારતની વિકરાળ સમસ્યા

પ્રાસંગિક
સુરેશ દેસાઈ



દિવાળીના તહેવારો સાવ નજીક આવી ગયા છે ત્યારે અનેક પરિવારો આર્થિક સમસ્યા અનુભવી રહ્યા છે કારણ કે બેરોજગારીને કારણે ચિંતા વધતી જાય છે. પરિવારનો ભણેલો ગણેલો દીકરો નોકરી માટે વલખા મારે છે. અનેક જગ્યાએ રિઝ્યુમ આપે છે પરંતુ દરેક જગ્યાએથી એક જ જવાબ મળે છે 'ફોન કરીશું..' શિક્ષિત બેરોજગારી એ ભારતના સામાજિક-આર્થિક દ્રશ્ય પર છવાઈ રહેલી એક વિકરાળ સમસ્યા છે, જેમાં ઉચ્ચ શિક્ષણ ધરાવનારા યુવાનોને તેમની યોગ્યતા અને કુશળતાને અનુરૂપ રોજગારીના અવસરો પ્રાપ્ત થઈ શકતા નથી. આ એક વિરોધાભાસી પરિસ્થિતિનું નિર્માણ કરે છે જ્યાં ડિગ્રી ધારણ કરનાર યુવાનોની સંખ્યા નાટકીય રીતે વધી રહી છે, પરંતુ તેમને ગુણવત્તા પૂર્ણ રોજગારી પૂરી પાડવા સક્ષમ અર્થતંત્રનું સર્જન થઈ શકતું નથી. આ સંકટની ગંભીરતાનો અંદાજ ભારતના વિવિધ રાજ્યોમાં આવેલા ઉદાહરણોમાંથી લગાવી શકાય છે. ૨૦૧૮માં રાજસ્થાનમાં પટાવાળાના ૧૮ પદ માટે ૧૨,૦૦૦થી વધુ લોકોએ ઇન્ટરવ્યુ આપ્યો હતો, જેમાં એન્જિનિયર, વકીલો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ જેવા ઉચ્ચ શિક્ષિત વ્યવસાયિકોનો સમાવેશ થતો હતો. આ જ પેટર્ન ૨૦૨૪માં હરિયાણામાં જોવા મળી હતી, જ્યાં ૪૬,૦૦૦થી વધુ સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓએ સફાઈ કર્મચારીની કરાર આધારિત નોકરી માટે અરજી કરી હતી. આ ફક્ત નોકરીના અભાવની જ નહીં, પણ શિક્ષણ પર કરવામાં આવેલા મોટા રોકાણ અને પ્રતિભાના વચ્ચેના ભારે અસંતુલનનું પ્રતીક છે, જે દેશના માનવ સંસાધનના વિકાસ માટે એક ગંભીર સંકટ બની રહ્યું છે. વિકસિત ભારતની કલ્પના અને રોજગારીની વાસ્તવિકતા વચ્ચેનો ભેદ એક મહત્વપૂર્ણ પાસું છે. ભારતને વિકસિત અર્થતંત્ર બનવાના માર્ગ પર અગ્રેસર દેશ તરીકે જોવામાં આવે છે, અને આ પ્રગતિ સાથે રોજગારીના નવા અવસરો ઊભા થશે એવી અપેક્ષા રાખવામાં આવે છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર, રિટેલ, હેલ્થકેર, ફાઈનાન્સ અને ડિજિટલ ઈકોનોમી જેવા ક્ષેત્રોમાં મોટા પાયે રોજગારીની સંભાવનાઓ ઓળખાઈ છે. 'મેક ઈન ઈન્ડિયા', 'ડિજિટલ ઈન્ડિયા' અને 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા' જેવી સરકારી યોજનાઓનો ઉદ્દેશ્ય નવા રોજગાર સર્જન કરવાનો રહ્યો છે. જોકે, આ સંભાવનાઓ અને વાસ્તવિકતા વચ્ચે એક વિશાળ અંતર રહેલું છે. ઉદ્યોગોની માંગ અને શિક્ષણ વ્યવસ્થા દ્વારા પૂરી પાડવામાં આવતી કુશળતા વચ્ચેનો તફાવત આ અંતરનું મુખ્ય કારણ બની રહ્યો છે. ઘણી નવી નોકરીઓ ખાસ કુશળતા માંગે છે, જ્યારે શિક્ષણ સંસ્થાઓ હજુ પણ પરંપરાગત પાઠ્યક્રમો પર ભાર આપે છે, જેના કારણે એક 'સ્કિલ ગેપ' ઊભો થયો છે જે યુવાનોને રોજગાર બજાર માટે અપર્યાપ્ત બનાવે છે. કૃત્રિમ બુદ્ધિમત્તા અને ઓટોમેશનનો વધતો ઉપયોગ રોજગારના ભવિષ્ય માટે એક નવી ચિંતા લઈને આવ્યો છે. ઘણી પુનરાવર્તિત અને ડેટા-આધારિત કાર્યો હવે AI દ્વારા સંભાળી શકાય છે, જે પરંપરાગત વ્હાઈટ-કોલર નોકરીઓ માટે ગંભીર જોખમ ઊભું કરે છે. ખાસ કરીને, IT અને બેક-ઑફિસ સેવાઓ જે ભારત માટે મુખ્ય રોજગાર ક્ષેત્રો રહ્યા છે, તેમાં આ ટેકનોલોજીનો સૌથી વધુ પ્રભાવ પડી શકે છે. કંપનીઓ કાર્યક્ષમતા વધારવા અને ખર્ચ ઘટાડવા માટે AI અને મશીન લર્નિંગને અપનાવી રહી છે, જેના કારણે માનવશક્તિની જરૂરિયાતમાં ઘટાડો થઈ રહ્યો છે. આ તકનીકી પરિવર્તનનો અર્થ એ નથી કે નોકરીઓ સંપૂર્ણ રીતે સમાપ્ત થઈ જશે, પરંતુ નવી પેઢીને AI સાથે કામ કરવાની અને વધુ જટિલ સમસ્યાઓના નિરાકરણ માટે જરૂરી કુશળતા હાંસલ કરવાની તાત્કાલિક જરૂર પડશે. જો આ પરિવર્તન સાથે શિક્ષણ વ્યવસ્થા ઝડપથી અનુકૂળ ન થઈ શકી, તો શિક્ષિત બેરોજગારીનું સંકટ વધુ ગહન બનશે. લાખો રૂપિયા ખર્ચીને ભણેલા યુવાનો નોકરીથી વંચિત રહેવાનાં અનેક કારણો છે. પ્રથમ તો, શિક્ષણની ગુણવત્તા અને ઉદ્યોગની માંગ વચ્ચેનો તફાવત એ મુખ્ય અવરોધ છે. ઘણી શૈક્ષણિક સંસ્થાઓ હજુ પણ સૈદ્ધાંતિક જ્ઞાન પર ભાર આપે છે, જ્યારે ઉદ્યોગોને વ્યવહારિક કુશળતા અને સમસ્યા-સમાધાન ક્ષમતા ધરાવતા લોકોની જરૂર છે. બીજું, દેશમાં ઉચ્ચ-ગુણવત્તાવાળી નોકરીઓનું સર્જન ધીમી ગતિએ થઈ રહ્યું છે. કોર્પોરેટ કંપનીઓ રેકોર્ડ નફો કમાઈ રહી છે, પરંતુ તે નવી નોકરીઓ સર્જવાને બદલે તકનીકી સુધારા અને છટણી દ્વારા ખર્ચ ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ત્રીજું, IIT અને NIT જેવી ટોચની સંસ્થાઓમાં પણ પ્લેસમેન્ટની સ્થિતિ ખરાબ થઈ રહી છે, જે સૂચવે છે કે માંગનો અભાવ એક વ્યાપક સમસ્યા છે. ૨૦૨૪માં દર પાંચમાંથી બે IIT સ્નાતકોને પ્લેસમેન્ટ મળ્યું ન હતું, અને આ જ પેટર્ન અન્ય ટોચની સંસ્થાઓમાં પણ જોવા મળે છે. આ બધાં કારણો એક યુવાનના મનમાં હતાશા ફેલાવે છે, જેણે ભવિષ્યના સપનાં સાથે મોટી રકમ અને સમયનું રોકાણ કર્યું છે. રસપ્રદ વાત એ છે કે, જ્યાં શિક્ષિત યુવાનો નોકરીની તલાશમાં ઘેરાયેલા છે, ત્યાં ઘણા ઓછું ઔપચારિક શિક્ષણ ધરાવનારા યુવકો રોજગાર અને ઉદ્યોગસાહસિકતાના નવા રસ્તા શોધી રહ્યા છે. ઈલેક્ટ્રિશિયન, પ્લમ્બર, સોશિયલ મીડિયા માર્કેટર, ડિલિવરી એજન્ટ, ઈ-કોમર્સ એન્ટરપ્રેન્યોર અને સ્કિલ્ડ ટેકનિશિયન તરીકે તેઓ સારી આવક ઉપાર્જન કરી રહ્યા છે. આનું કારણ એ છે કે આ ક્ષેત્રોમાં વ્યવહારિક કુશળતા અને સેવા માટેની વાસ્તવિક માંગ છે. ગિગ ઈકોનોમી અને ડિજિટલ પ્લેટફોર્મોએ આવા લોકો માટે સીધા ગ્રાહકો સુધી પહોંચવાના અવસરો ખોલી દીધા છે. આ યુવાનો પાસે કોઈ ડિગ્રી ન હોવા છતાં પણ, બજારની જરૂરિયાતોને સમજીને અને ઝડપથી અનુકૂળ થઈ જવાની ક્ષમતા દ્વારા તેઓ સફળતા મેળવી રહ્યા છે. આ વિરોધાભાસી સ્થિતિ શિક્ષણ પદ્ધતિમાં આવશ્યક સુધારાની જરૂરિયાતને રેખાંકિત કરે છે. ભારતનું અર્થતંત્ર વિકાસ દર દર્શાવે છે, પરંતુ બેરોજગારી વધી રહી છે, આ એક મૂળભૂત પ્રશ્ન છે જેનો સામનો કરવો આવશ્યક છે. આ સ્થિતિ 'જોબલેસ ગ્રોથ' અથવા નોકરી વગરની વૃદ્ધિનું સ્વરૂપ ધારણ કરી રહી છે. આનું પ્રમુખ કારણ એ છે કે આર્થિક વૃદ્ધિ મુખ્યત્વે કૃષિ ક્ષેત્રને બદલે સેવા અને ઉત્પાદન ક્ષેત્રમાંથી આવી રહી છે, જે ઓછી મજૂર-ગહન છે. આધુનિક ઉદ્યોગો તકનીક અને મશીનો પર વધુ નિર્ભર છે, જેના કારણે માનવશક્તિની જરૂરિયાત ઓછી થાય છે. બીજું, શ્રમ કાયદાઓની જટિલતા અને અનિશ્ચિતતાને કારણે ઘણી કંપનીઓ મોટી સંખ્યામાં સ્થાયી નોકરીઓ સર્જવાને બદલે કોન્ટ્રાક્ટ-આધારિત રોજગારી અપનાવી રહી છે. ત્રીજું, શિક્ષણ અને રોજગાર વચ્ચેનો સંપર્ક તૂટી ગયો છે. દર વર્ષે ૭૦ થી ૮૦ લાખ યુવાનો શિક્ષણ પૂરું કરીને બજારમાં પ્રવેશે છે, પરંતુ અર્થતંત્ર તેમને પોષી શકે તે ગતિએ નવી નોકરીઓ સર્જી શકતું નથી. સરકારના પોતાના ડેટા અનુસાર ગયા વર્ષે દસમાંથી એક કરતાં વધુ સ્નાતકો અને અનુસ્નાતકો બેરોજગાર હતા, અને મહિલાઓ માટે પરિસ્થિતિ વધુ ખરાબ છે. આ બધાં પરિબળો ભારતની યુવા પેઢી માટે એક ગંભીર રોજગારી સંકટ ઊભુ કરે છે. શિક્ષિત બેરોજગારીની આ વિકરાળ ચિંતા દૂર કરવા માટે એક બહુ-પરત વાળી એટલે કે મલ્ટી લેયર રણનીતિની જરૂર છે. શિક્ષણ પદ્ધતિમાં મૂળભૂત સુધારા કરીને તેને વધુ કુશળતા-કેન્દ્રિત અને ઉદ્યોગ-સંચાલિત બનાવવું આવશ્યક છે. ઉદ્યોગોને પણ તેમની સામાજિક જવાબદારી સમજીને રોજગાર સર્જનમાં વધુ રોકાણ કરવું જોઈએ. સરકારે નાના અને મધ્યમ ઉદ્યમો (MSMEs) જે રોજગાર સર્જનના મુખ્ય સ્રોત છે, તેમને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખવું જોઈએ. યુવાનોને સ્વરોજગારી અને ઉદ્યોગસાહસિકતા માટે પ્રેરિત કરવા જોઈએ. આ સંકટનો સામનો કરવો સરળ નથી, પરંતુ શિક્ષણ, ઉદ્યોગ અને સરકાર વચ્ચે મજબૂત સહયોગ અને એક સ્પષ્ટ રાષ્ટ્રીય રોજગાર નીતિ દ્વારા જ ભારતના યુવાનોની ઊર્જા અને પ્રતિભાને દેશની પ્રગતિના માર્ગ પર મોકલવી શક્ય બનશે. ભારતનું ભવિષ્ય તેના યુવાનોની ઉત્પાદકતા પર નિર્ભર છે, અને આ સંકટનો સામનો કરવો દેશની આર્થિક અને સામાજિક સુખાકારી માટે અનિવાર્ય છે.

## શબ્દ સંજોગ-૨૦૮૪



**આડી ચાવી :**
(૧) બાજ, સિંચાણો (૨)
(૩) કુટુંબકબીલો (૪)
(૭) અસ્ત્રો ચડાવવા માટે ચામડાનો કકડો (૪)
(૯) આશ્રય આપનાર, દાતા (૪)
(૧૧) અણસારો, ઈશારો (૪)
(૧૩) નસીબ(અં) (૨)
(૧૪) આંખની પૂતળી (૨)
(૧૫) વૃતાંત, ચરિત્ર (૨)
(૧૬) તરત, તાબડતોબ (૨)
(૧૭) પૃથ્વીની સપાટી પર આવેલું માટીનું પાતળુ ઘન આવરણ (૫)
(૨૦) સાપનું બોલવું (૩)
(૨૨) પારા, ધાતુઓ વગેરેની ભસ્મ (૨)
(૨૪) દયા, સમભાવ (૩)
(૨૬) .......મારો પારણિયે ઝૂલે રે..... (૩)
(૨૮) હળનો વચ્ચેનો જાડો ભાગ (૩)
(૨૯) સગવડ, બંદોબસ્ત (૪)
(૩૦) કોતરવાની ઢબ (૪)
(૩૧) પત્ર, ચિઠ્ઠી (અ) (૨)

**ઉભી ચાવી :**
(૧) સેંથી (૩)
(૨) રોપો, નાનો છોડ (૨)
(૩) કીડી (૩)
(૪) પવન (૩)
(૫) ધૂળ, કસ્તર (૨)
(૭) લોકોમાં ચાલતી આવેલી કે ચાલતી વાત (૪)
(૮) મીનાકારી, અબરખ કે સોનારૂપાની નાની ગોળ પતરી (૩)
(૧૦) માલિક સ્ત્રી, ધણિયાણી (૪)
(૧૨) ચૈત્ર સુદ અગિયારસ (૩)
(૧૪) કીડો, જંતુ (૩)
(૧૬) ઝબ, ઝટ (૩)
(૧૮) ઉત્તમ (૨)
(૧૯) રસભરી ગોષ્ઠિ-વાત (૪)
(૨૧) ભાંગ (૪)
(૨૩) મિષ્ટાન, ભારે જમણ(આ-અ) (૪)
(૨૫) એક ઔષધિ (૩)
(૨૭) પહોંચ, રસીદ (૩)
(૨૮) શરીરના અવયવ, સાંધા (૨)
(૨૯) કોટનું એક ઘરેણું (૨)

## શબ્દ સંજોગ-૨૦૮૩ જવાબ

**આડી ચાવીઃ** (૧) ખંગ (૩) બાધેભારે (૬) તાશેરો (૮) વાસરી (૧૦) ગદા (૧૨) આકા (૧૩) બજર (૧૫) મલ્હાર (૧૬) સર (૧૭) નવાણ (૧૯) પાખ (૨૧) ફેર (૨૨) જુવાર (૨૪) લકીર (૨૮) રોગ (૨૯) વળગાડ (૩૦) નવાગત.
**ઉભી ચાવીઃ** (૧) ખંડવા (૨) હશે (૪) ધેનુ (૫) રેણુકા (૬) તારીજ (૭) રોગ (૯) સબર (૧૧) દામણ (૧૨) આરપાર (૧૪) રન (૧૬) સમજુ (૧૮) વાહેલ (૨૦) કોર (૨૧) ફેર (૨૩) વાદળ (૨૫) કીર્તન (૨૬) સ્વાગત (૨૭) હોડ (૨૮) રોગ(ગરો).

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૨૧ | ૧૫૬૦ |
| ઘઉં લોકવન | ૫૧૮ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૧૫ |
| જુવાર સફેદ | ૬૮૦ | ૭૭૮ |
| જુવાર લાલ | ૭૦૦ | ૭૮૦ |
| જુવાર પીળી | ૩૮૦ | ૪૬૦ |
| બાજરી | ૩૫૦ | ૪૨૦ |
| તુવેર | ૯૫૦ | ૧૩૧૩ |
| ચણા પીળા | ૮૫૦ | ૧૧૧૦ |
| ચણા સફેદ | ૧૦૬૦ | ૧૯૬૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૫૬૦ |
| મગ | ૧૧૫૮ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૫૪૦ | ૧૦૭૧ |
| ચોળી | ૭૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૯૮૧ | ૧૫૫૦ |
| રાજમા | ૧૦૭૫ | ૧૬૦૧ |
| સીંગદાણા | ૧૨૩૫ | ૧૩૩૭ |
| મગફળી જાડી | ૭૦૦ | ૧૦૫૧ |
| મગફળી જીણી | ૭૫૦ | ૧૨૦૭ |
| તલી | ૧૪૭૦ | ૨૦૧૩ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૭૮ |
| અજમો | ૯૦૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૫૮૦ | ૮૫૬ |
| સીંગફાડા | ૧૧૩૦ | ૧૨૪૦ |
| કાળા તલ | ૩૦૭૦ | ૪૧૦૦ |
| લસણ | ૪૨૫ | ૧૧૦૦ |
| ધાણા | ૧૩૪૦ | ૧૪૮૦ |
| ધાણી | ૧૩૫૦ | ૧૫૯૩ |
| વરીયાળી | ૯૪૦ | ૧૪૧૦ |
| જીરૂ | ૩૧૫૦ | ૩૪૫૦ |
| રાય | ૧૩૦૦ | ૧૬૨૦ |
| મેથી | ૮૦૦ | ૧૨૦૦ |
| કલોંજી | ૪૦૦૦ | ૪૬૦૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૩૦ |
| રજકાનું બી | ૫૫૦૦ | ૮૬૦૦ |
| ગુવારનું બી | ૮૪૦ | ૯૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૬૭૨ | ૧૦૬૫ |
| પપૈયા | ૮૭ | ૧૪૧ |
| બટેટા | ૧૭૧ | ૪૩૧ |
| ડુંગળી સુકી | ૫૦ | ૨૩૫ |
| ટમેટા | ૧૮૦ | ૪૨૫ |
| સુરણ | ૭૬૩ | ૯૪૬ |
| કોથમરી | ૧૫૩૮ | ૨૩૬૨ |
| મુળા | ૨૭૨ | ૩૬૬ |
| રીંગણા | ૨૯૧ | ૬૪૨ |
| કોબીજ | ૧૫૩ | ૨૫૪ |
| ફ્લાવર | ૨૯૪ | ૫૮૨ |
| ભીંડો | ૩૨૨ | ૬૨૮ |
| ગુવાર | ૫૬૦ | ૧૭૨૨ |
| ચોળાસીંગ | ૭૦૮ | ૯૪૫ |
| વાલોળ | ૫૪૩ | ૯૫૨ |
| ટીંડોરા | ૬૨૬ | ૧૦૫૫ |
| દુધી | ૨૬૩ | ૫૦૭ |
| કારેલા | ૩૦૪ | ૫૪૪ |
| સરગવો | ૧૫૧૭ | ૨૦૩૨ |
| તુરીયા | ૨૬૧ | ૫૮૨ |
| પરવર | ૧૧૭૬ | ૧૩૨૪ |
| કાકડી | ૨૪૨ | ૬૫૭ |

| | | |
|---|---|---|
| ગાજર | ૬૨૪ | ૮૧૩ |
| વટાણા | ૩૮૫૩ | ૪૩૭૦ |
| ગલકા | ૩૪૨ | ૬૮૬ |
| બીટ | ૩૪૪ | ૫૬૩ |
| મેથી | ૧૨૪૩ | ૧૮૨૫ |
| વાલ | ૭૦૪ | ૯૦૬ |
| ડુંગળી લીલી | ૨૭૭ | ૪૧૩ |
| આદુ | ૮૧૩ | ૧૨૨૭ |
| મરચા લીલા | ૨૪૬ | ૮૧૧ |
| હળદર લીલી | ૭૦૭ | ૯૪૨ |
| લસણ લીલું | ૯૮૭ | ૧૫૯૨ |
| મગફળી લીલી | ૫૮૩ | ૭૨૯ |
| મકાઇ લીલી | ૧૬૩ | ૨૬૭ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૬૦૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૨૦ |
| સિંગદાણા જાડા | ૯૩૧ | ૧૨૪૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૧૦૦ |
| એરંડા / એરંડી | ૮૨૬ | ૧૨૭૬ |
| જીરૂ | ૨૭૫૧ | ૩૫૮૧ |
| કલંજી | ૧૭૦૦ | ૪૬૮૧ |
| વરીયાળી | ૯૫૧ | ૯૫૧ |
| ધાણા | ૮૦૧ | ૧૫૫૧ |
| લસણ સુકું | ૪૨૧ | ૯૪૧ |
| ડુંગળી લાલ | ૯૮ | ૨૭૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૨૭૧ |
| મઠ | ૭૪૧ | ૮૪૧ |
| તુવેર | ૧૧૦૧ | ૧૩૦૧ |
| રાજગરો | ૯૧૧ | ૯૧૧ |
| રાયડો | ૧૦૦૧ | ૧૧૦૧ |
| રાય | ૧૩૦૧ | ૧૪૫૧ |
| મેથી | ૪૦૧ | ૧૦૪૦ |
| કાંગ | ૨૩૦ | ૪૯૧ |
| સુરજમુખી | ૬૫૧ | ૬૫૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૨૦૨૧ |
| તલ - તલી | ૧૧૦૧ | ૨૦૫૧ |
| ધાણી | ૯૦૧ | ૧૬૭૬ |
| બાજરો | ૨૭૧ | ૪૦૧ |
| જુવાર | ૫૦૧ | ૮૫૧ |
| મકાઇ | ૪૦૧ | ૪૫૧ |
| મગ | ૧૦૭૬ | ૧૭૩૧ |
| ચણા | ૯૭૧ | ૧૧૧૬ |
| વાલ | ૫૦૧ | ૯૫૧ |
| વાલ પાપડી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ચોળા / ચોળી | ૬૫૧ | ૧૩૪૧ |
| સોયાબીન | ૬૫૧ | ૮૪૧ |
| અજમાં | ૯૫૧ | ૧૦૦૧ |
| કળથી | ૮૦૦ | ૮૦૦ |
| ગોગળી | ૬૦૦ | ૯૦૦ |
| વટાણા | ૫૦૧ | ૬૫૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૬૦ | ૫૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૬૦ | ૧૬૦ |
| દુધી | ૨૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૧૬૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૬૦૦ |

| | | |
|---|---|---|
| ભીંડો | ૨૦૦ | ૯૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૩૦૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૨૮૦ | ૧૦૦૦ |
| તુવેર | ૭૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૨૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૬૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| બટેટા | ૨૫૦ | ૩૫૦ |
| અંબાળા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૨ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૭ |
| કોથમીર પુરા | ૫ | ૧૦ |
| મૂળા પુરા | ૫ | ૭ |
| ચ્રૂણ | ૧૧૮૦ | ૧૪૦૦ |
| અલાવિપન | ૧૦ | ૨૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૦ |
| બીટ પુરા | ૮ | ૧૨ |
| ચોરા | ૨૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| વાલોર | ૪૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૨૦૦ |
| લસણ પુરા | ૩ | ૬ |
| પાલક પુરા | ૩ | ૭ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૬૧૦ | ૯૫૧ |
| શીંગ ૬૬નંબર | ૭૦૪ | ૭૦૪ |
| ગીરનારી શિંગ | ૮૦૬ | ૯૭૫ |
| શીંગ મોટી | ૬૧૭ | ૧૦૨૯ |
| શિંગ દાણા | ૯૪૦ | ૧૩૫૦ |
| શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૧૧૫ |
| તલ સફેદ | ૯૦૦ | ૨૪૫૦ |
| તલ કાળા | ૨૩૪૦ | ૪૩૭૫ |
| તલ કશ્મીરી | ૧૮૦૦ | ૨૩૫૩ |
| બાજરો | ૩૧૧ | ૩૭૩ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૭૨ |
| ઘઉં લોકવન | ૫૦૪ | ૫૮૩ |
| મકાઈ | ૩૧૫ | ૫૦૦ |
| મગ | ૧૩૦૦ | ૧૬૬૦ |
| અડદ | ૭૧૫ | ૧૪૭૦ |
| ચણા | ૯૭૦ | ૧૧૬૦ |
| સફેદ ચણા | ૧૦૨૦ | ૧૧૭૨ |
| છોલે ચણા | ૧૬૧૦ | ૧૬૧૦ |
| કપાસ | ૭૬૦ | ૧૫૭૫ |
| એરંડા | ૧૨૨૦ | ૧૨૪૦ |
| જીરૂ | ૩૨૪૫ | ૩૪૩૦ |
| રાયડો | ૧૧૨૦ | ૧૧૨૦ |
| રાય | ૧૪૬૫ | ૧૪૭૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૨૨ |
| મેથી | ૭૦૦ | ૮૮૦ |
| સોયાબીન | ૫૫૫ | ૮૧૦ |
| કાંગ | ૪૨૨ | ૪૪૦ |
| સુવાદાણા | ૧૧૭૫ | ૧૧૭૫ |
| **અમરેલી શાકભાજી** | | |
| બટેટા | ૩૦૦ | ૪૧૦ |

| | | |
|---|---|---|
| રીંગણા | ૧૮૦ | ૩૮૦ |
| ફ્લાવર | ૪૪૦ | ૭૩૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૬૦ |
| શક્કરીયા | ૭૦૦ | ૯૦૦ |
| ટમેટાં | ૩૫૦ | ૪૧૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૬૦૦ | ૮૦૦ |
| દુધી | ૪૦૦ | ૬૪૦ |
| કારેલા | ૩૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૨૦ | ૪૬૦ |
| મૂળા | ૨૦૦ | ૨૫૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૮૦૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૪૨૦ | ૬૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૪૦ |
| આમળા | ૬૦૦ | ૮૦૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૩૨૦ | ૬૦૦ |
| હળદળ લીલી | ૮૨૦ | ૧૦૫૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૨૪૦ |
| કોથમીર | ૧૦૨૦ | ૨૫૪૦ |
| મેથીભાજી | ૧૦૨૦ | ૧૨૪૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૮૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૧૦૦૦ |
| બીટ | ૪૨૦ | ૬૫૦ |
| ચીભડા | ૫૦૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૪૦૦ | ૨૦૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચાં લીલાં | ૪૫૦ | ૧૦૦૦ |
| મરચાં લાલ | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૪૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૨૫૦ |
| લસણ લીલું | ૮૦૦ | ૧૧૦૦ |
| લસણ સુકુ | ૬૨૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૧૮૦ | ૩૦૦ |
| લીબુ | ૫૦૦ | ૮૨૦ |
| પાલક | ૬૦૦ | ૮૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગજીણી | ૬૫૦ | ૯૫૧ |
| શીંગ મોટી | ૭૦૦ | ૧૦૭૫ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૧૨ |
| જીરૂ | - | ૩૪૨૫ |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૫૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૫ |
| ઘઉં ટુકડા | ૫૩૫ | ૬૦૫ |
| બાજરો | ૩૦૦ | ૪૧૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૫૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૦૨ |
| તુવેર | ૯૫૦ | ૧૧૨૫ |
| સોયાબીન | ૬૦૦ | ૭૪૧ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૦૧૦ | ૧૫૫૨ |
| કપાસ સી ગ્રેડ | ૭૬૫ | ૧૦૦૦ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૪૫ | ૧૫૩૦ |
| કપાસ કોડી | ૯૮૫ | ૧૧૨૦ |
| મગફળી | ૬૬૩ | ૭૪૧ |
| ઘઉં | ૪૬૫ | ૪૬૫ |

| | | |
|---|---|---|
| તલ | ૧૪૧૧ | ૧૮૯૦ |
| શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| મકાઈ | ૪૪૧ | ૪૪૧ |
| મેથી | ૭૫૧ | ૭૫૧ |
| સોયાબીન | ૬૨૦ | ૬૨૦ |
| ધાણા | ૧૪૦૫ | ૧૪૦૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૬૮ |
| ઘઉં લોકવન | ૪૭૫ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૪૭૯ |
| અડદ | ૯૪૦ | ૧૦૧૦ |
| ચણા | ૯૯૦ | ૧૦૭૬ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૪૦ |
| શિંગ દાણા | ૯૯૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૬૧૦ | ૭૨૩ |
| મગફળી | ૫૮૦ | ૭૫૫ |
| તલ સફેદ | ૧૩૯૦ | ૧૮૭૫ |
| ધાણા | ૯૩૫ | ૧૧૫૩ |
| મેથી | ૯૫૦ | ૬૦૦ |
| વરીયાળી | ૯૦૦ | ૧૦૦૦ |
| **બાબરા** | | |
| કપાસશંકરનવો | ૧૨૬૦ | ૧૬૧૦ |
| કપાસ મીડીયમ | ૯૫૦ | ૧૨૫૦ |
| મગફળી | ૮૦૨ | ૮૩૮ |
| તલસફેદ | ૧૪૫૫ | ૧૮૬૫ |
| તલ કાળા | ૨૩૧૫ | ૩૯૭૫ |
| ઘઉં | ૪૬૮ | ૫૪૨ |
| અડદ | ૮૩૦ | ૧૨૮૦ |
| મગ | ૧૨૩૦ | ૧૪૯૦ |
| ચણા | ૯૮૮ | ૧૦૨૨ |
| સોયાબીન | ૬૭૫ | ૭૭૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૬૭૦ | ૭૦૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૧૯૨૦ |
| તલ પીળા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| કપાસ | ૬૦૦ | ૧૫૧૧ |
| બાજરો | ૩૬૬ | ૫૧૩ |
| ઘઉં ટુકડા | ૪૯૧ | ૬૩૦ |
| જુવાર | ૪૫૦ | ૭૨૭ |
| મકાઈ | ૪૪૫ | ૪૪૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ચણા | ૯૫૧ | ૯૬૧ |
| મેથી | ૮૦૦ | ૮૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૦૦ |
| અજમા | ૧૫૦૧ | ૧૫૦૧ |
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૧૭૬ | ૧૫૫૧ |
| કપાસ કોડી | ૬૬૬ | ૧૧૧૪ |
| તલ સફેદ | ૧૪૦૫ | ૧૪૦૫ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૮૦૧ | ૧૩૪૦ |
| શીંગ ૩૯ | ૭૦૦ | ૧૦૪૦ |
| શીંગ ગીરનાર | ૬૬૮ | ૯૩૦ |
| શીંગ જી-૨૦ | ૭૩૪ | ૯૩૯ |
| એરંડા | ૧૧૩૦ | ૧૧૩૦ |
| જુવાર | ૩૯૫ | ૭૫૧ |
| બાજરી | ૩૫૨ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૧૫ |
| મકાઈ | ૫૫૧ | ૫૫૧ |
| અડદ | ૬૦૦ | ૧૪૩૦ |

| | | |
|---|---|---|
| મગ | ૮૩૦ | ૮૩૦ |
| સોયાબીન | ૨૦૦ | ૭૬૦ |
| ચણા | ૮૯૨ | ૧૦૫૧ |
| તલ સફેદ | ૧૨૫૦ | ૧૮૫૧ |
| તલ કાળા | ૩૫૬૦ | ૩૫૬૦ |
| ડુંગળી લાલ | ૮૨ | ૨૯૫ |
| ડુંગળી સફેદ | ૧૦૫ | ૨૧૨ |
| કપાસ | ૪૭૬ | ૧૫૬૯ |
| નાળીયેર | ૪૧૦ | ૩૦૨૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૨૬ |
| ઘઉં | ૪૫૦ | ૫૨૬ |
| ચણા | ૯૦૦ | ૧૦૭૬ |
| અડદ | ૬૦૧ | ૧૧૪૬ |
| મગફળી | ૬૦૦ | ૯૩૬ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૯૧ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૩૪૬ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૧૧ |
| સોયાબીન | ૬૦૦ | ૮૨૧ |
| **કોડીનાર** | | |
| કપાસ( ડોળાસા ) | ૮૦૦ | ૧૪૫૦ |
| મગફળી નવી | ૭૫૨ | ૧૦૫૦ |
| બાજરો | ૩૫૦ | ૫૩૭ |
| ઘઉં | ૪૭૦ | ૫૮૪ |
| અડદ | ૮૦૦ | ૧૪૭૦ |
| મગ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૨૬ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૭ |
| તલ | ૧૦૦૦ | ૧૮૦૨ |
| કાળા તલ | ૧૮૦૦ | ૩૮૨૦ |
| સોયાબીન | ૪૦૦ | ૮૨૪ |
| ડાંગર | ૬૦૦ | ૮૩૮ |
| કાંગ | ૩૭૦ | ૪૬૩ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૩૫ | ૪૮૦ |
| ઘઉં | ૪૯૫ | ૫૪૧ |
| મગ | ૧૧૦૦ | ૧૪૮૦ |
| અડદ | ૮૦૦ | ૧૧૬૦ |
| તુવેર | ૮૫૦ | ૧૨૧૫ |
| ચોળી | ૪૫૦ | ૮૨૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૪૨ |
| સફેદ ચણા | ૧૧૦૦ | ૧૮૪૫ |
| મગફળી જીણી | ૧૦૧૦ | ૧૧૨૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૧૦ |
| મગફળી ૬૬ નં. | ૧૩૨૦ | ૧૩૨૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૩૭ |
| તલ | ૭૨૫ | ૧૯૨૫ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૯૨૫ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૪૦ |
| રાય | ૧૨૦૦ | ૧૫૯૨ |
| લસણ | ૪૮૦ | ૧૦૨૦ |
| કપાસ | ૯૦૦ | ૧૬૧૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૫૧૦ |
| અજમો | ૬૦૦ | ૨૭૪૭ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ડુંગળી સુકી | ૫૦ | ૨૮૫ |
| સોયાબીન | ૬૦૦ | ૭૭૦ |
| રાજમા | ૮૫૫ | ૧૨૭૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલી ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓ સામે આક્ષેપ : ભોગ બનનાર દ્વારા પોલીસમાં અરજી

અમરેલી, તા.૧૦

અમરેલી ખાતે ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓની દાદાગીરીનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. રમેશભાઈ મકવાણાએ વિભાગના ત્રણ અધિકારીઓ વિરુદ્ધ અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી કરી છે. તેમણે આક્ષેપ કર્યો કે અધિકારીઓએ ધાક-ધમકી આપી અને પોલીસનો



ડર બતાવી તેમના ઘરેથી જ રોડર વાહન જપ્ત કરી લીધું. અધિકારીઓએ ખુલ્લેઆમ ધમકાવ્યો અને ડ્રાઈવરોને અપશબ્દો કહ્યા, તેમજ કહ્યું કે "તું લોડર નહીં લઈ જવા દે તો હું પોલીસ બોલાવીશ!" ઘટના બહાર આવતા કોળી સમાજના આગેવાનો રોષે ભરાયા હતા. અને પોલીસ સ્ટેશને દોડી ગયા હતા. હાર્દિક સોલંકીએ આક્ષેપ કર્યો કે ખાણ-ખનીજ વિભાગ અવારનવાર કોળી સમાજને ટાર્ગેટ કરે છે. આ બનાવ બાદ સ્થાનિક સ્તરે ચર્ચાનો માહોલ સર્જાયો છે. જોકે સત્ય તો પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.

## હાર્ટએટેકથી વૃધ્ધનું મોત થયું હોવાનું પ્રાથમિક તારણ

# ધારીના દલખાણીયામાં વૃધ્ધની કોહવાયેલી લાશ ઘરમાંથી મળી

**વૃધ્ધનો મૃતદેહ પીએમ માટે મોકલવામાં આવ્યો, પોલીસે તપાસ હાથ ધરી**

ધારી,તા.૧૦

ધારી તાલુકાના દલખાણીયા ગામેથી લગભગ પાંચ દિવસ પહેલા મૃત્યુ પામેલા ૬૫ વર્ષિય વૃદ્ધની લાશ તેમના ઘરમાંથી મળી આવતા ચકચાર મચી ગઈ છે. લાશ અત્યંત કોહવાયેલી અને દુર્ગંધ મારતી હાલતમાં હતી. મૃતક વૃદ્ધ એકલા રહેતા હતા અને કોઈપણ બીમારી નહોતી. પરિવારજનોને ફોન પર સંપર્ક ન થતાં તેમણે પાડોશીઓને જાણ કરી હતી.



તસવીર : સંજય વાળા

પાડોશીઓએ તપાસ કરતા વૃદ્ધની લાશ મળી આવતા તેમણે પોલીસ અને સંતાનોને જાણ કરી હતી. ધારી પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પરિવારજનોએ મૃતકનું મોત હુમલો આવવાને કારણે થયું હોવાની શક્યતા વ્યક્ત કરી છે. વૃધ્ધનો મૃતદેહ પીએમ માટે મોકલવામાં આવ્યો હતો. આ ઘટનાની પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સુરતના હીરા વેપારીઓ સાથે ૪.૮૦ કરોડની છેતરપિંડી આચરનારા ૪ આરોપીઓ ઝડપાયા


સુરત,તા.૧૦

શહેરના હીરા વેપારીઓ સાથે ૪.૮૦ કરોડના હીરાની છેતરપિંડીનો ભેદ ઉકેલતાં ઈકો સેલે મોટી સફળતા મેળવી છે. પોલીસે આ કેસમાં મુખ્ય સૂત્રધાર નિકુંજ આંબલિયા, અનુજ શાહ, કેતન સાગર અને મિતુલ ગોટી સહિત ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીઓએ યુએસની નામાંકિત કંપનીના નામે હીરા ખરીદવાનો ભેળસેળવાળો ધંધો ચલાવી સુરતના હીરા વેપારીઓને ચપેટમાં લીધા હતા. પોલીસ તપાસ મુજબ, આરોપીઓએ 'નેટવેપ એપ્લિકેશન' પરથી સુરતના હીરા વેપારીઓની વિગતો મેળવી હતી. આ એપ્લિકેશન પર વેપારીઓ હીરા વેચાણ માટે પોતાની માહિતી અને પ્રોડક્ટ્સ અપલોડ કરતા હોય છે. એ માહિતીના આધારે આરોપીઓએ વર્ચ્યુઅલ નંબર અને ડમી ઈમેઈલ આઈડી બનાવી વિદેશી કંપનીના પ્રતિનિધિ તરીકે સંપર્ક કર્યો હતો. તેમણે દાવો કર્યો કે તેઓ દુબઈ, હોંગકોંગ અને બેંગકોક સ્થિત હીરા ખરીદદાર કંપનીઓ માટે કામ કરે છે અને આંતરરાષ્ટ્રીય ઓર્ડર માટે સુરતમાંથી હીરા ખરીદવા ઈચ્છે છે.

# કચ્છના ખડીર વિસ્તારમાં નર્મદાનું પાણી આપવાનો નિર્ણય : રૂ. ૪૫૧ કરોડથી વધુના ખર્ચે યોજનાને મંજૂરી

ગાંધીનગર,તા.૧૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને જળ સંપત્તિ મંત્રી કુંવરજી બાવળિયા દ્વારા રૂ. ૪૫૧ કરોડથી વધુના ખર્ચે કચ્છના ખડીર વિસ્તારમાં નર્મદાનું પાણી આપવાની યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ વિસ્તારના ૧૯૪ તળાવો અને ૬ નાની સિંચાઈ યોજનાઓમાં પાણી પહોંચવાથી ઐતિહાસિક ધોળાવીરા સહિત ૧૦ ગામોની ૫,૪૯૨ હેક્ટર જમીન નવપલ્લવીત થશે. ક મા નર્મદાના પૂરના વધારાના પાણી વિતરણના આયોજન થકી નાના-મોટા તળાવ અને નાની સિંચાઈ યોજનાઓ પાઈપલાઈન દ્વારા ભરવામાં આવશે. જેના માટે રૂ. ૪૫૧.૬૭ કરોડના કામોને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપીને આ વિસ્તારના નાગરિકો-ખેડૂતો તેમજ પશુધનના હિતમાં રાજ્ય સરકાર



દ્વારા મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે તેમ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું હતું. મંત્રી કુંવરજી બાવળિયાએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના ખડીર વિસ્તાર માટે પાણીની સમસ્યાના નિવારણ અને ભૂગર્ભ જળનો વપરાશ ઘટાડી ભૂગર્ભ જળ સપાટી ઉંચી લાવવા માટે નર્મદાના પૂરના વધારાના પાણીને પાઈપલાઈન દ્વારા પહોચાડવા માટેના આ નિર્ણય કરવામાં આવ્યો છે.

# નવાબંદર કોસ્ટલ વિસ્તારમાં આધેડ મહિલા પર દુષ્કર્મ કરનારા ત્રણ ઝડપાયા

ઉના,તા.૧૦




ઉનાના નવાબંદર કોસ્ટલ વિસ્તારમાં ૫૦ વર્ષીય મહિલા પર સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આ પ્રકરણમાં સંડોવાયેલા ત્રણ આરોપીઓને પોલીસે ઝડપી પાડ્યા છે. શુક્રવારે તેમને કોર્ટમાં રજૂ કરાતા ૩ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. આ ઘટના આશરે આઠ દિવસ પહેલા બની હતી. દુષ્કર્મ બાદ ભોગ બનનાર મહિલાની તબિયત લથડતા તેમને તાત્કાલિક ઉના સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હાલ મહિલા ગંભીર ઈજાઓને કારણે જૂનાગઢમાં સારવાર હેઠળ છે.

# પોલીસ પત્નીના આત્મહત્યાના કેસમાં પતિ સહિતના કુટુંબીજનોનો અમરેલીની કોર્ટમાં નિર્દોષ છુટકારો

અમરેલી, તા.૧૦

પતિ-પત્નીના ટુંકા લગ્નજીવનમાં પતિ તથા સાસરિયાના શારીરિક, માનસિક ત્રાસથી કંટાળી જઈ પત્ની દ્વારા આત્મહત્યા કરવાના કેસમાં આરોપીઓને કોર્ટે નિર્દોષ છોડ્યા છે. આ બનાવની વિગતો મુજબ ફરિયાદીના ભાઈ પુંજાભાઈ પરમાર કારડીયા રાજપુતની નાની દીકરી ગીતાબેન કે જેઓ પોલીસમાં નોકરી કરતા હતા તેમના લગ્ન કાણક ગામના જગદીશભાઈ વાલાભાઈ જનકાંત કે જેઓ પણ પોલીસમાં નોકરી કરતા હતા અને તેના લગ્ન તા. ૧૮-૦૨-૨૦૧૩ ના રોજ થયેલ હતા. લગ્ન બાદ ગીતાબેન તથા તેમના પતિ જગદીશભાઈ બંને અમરેલી પોલીસ લાઈનના કવાટરમાં રહેતા હતા. તે દરમિયાન આરોપી જગદીશભાઈ તથા પિતા વાલાભાઈ, માતા અંજુબેન તથા ગુજરનારના જેઠ મહેશભાઈ વાલાભાઈ જનકાંત તથા જેઠાણી કંચનબેને ગીતાબેનને



શારીરિક, માનસિક ત્રાસ આપતા હોય અને માર મારતા હોય તેવી ફરિયાદ ગુજરનારે તેમના બેન જલ્પાબેન તથા તેમના ભાઈ બળવંતભાઈને તથા માતા-પિતાને અવારનવાર કરેલ હતી. અને અંતે ગુજરનારે તા.૦૯-૦૨-૨૦૧૪ના રોજ કવાટરમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરેલ હતી. આથી ગીતાબેનના પતિ સહિત સાસરિયાના સભ્યો સામે વિવિધ કલમ મુજબની ફરિયાદ આપેલી હતી. સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી અને ઉત્પલભાઈ દવેએ ધારદાર દલીલો કરતા કોર્ટે આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા.

# નવાબંદર પોલીસે સીમરના દરિયામાં બોટમાંથી રૂા. ૩૫ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

**પોલીસે સગીર સહિત ૧૦ ખલાસીઓની ધરપકડ કરી ઉના કોર્ટમાં રજૂ કર્યા**

ઉના,તા.૧૦

નવાબંદર પોલીસે સીમરના દરિયામાં પ્રતિબંધિત ભેંસલા ટાપુ નજીકથી વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. મહારાષ્ટ્ર પાસિંગની એક બોટમાંથી ૪૧૭ પેટી




વિદેશી દારૂ અને બિયર સહિત કુલ રૂ. ૩૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ પ્રકરણમાં ૧૦ ખલાસીઓની ધરપકડ કરવામાં આવી હતી, જેમાં એક સગીરનો પણ સમાવેશ થાય છે. આ કેસમાં ઝડપાયેલા ૯ પુખ્ત આરોપીઓને શુક્રવારે ઉના કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. પોલીસે ૫ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી, જોકે કોર્ટે ૩ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. રિમાન્ડ મંજૂર થયા બાદ તમામ આરોપીઓને મેડિકલ ચેકઅપ માટે ઉના હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

# સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી પર કરમસદથી કેવડિયા સુધી એકતા યાત્રા યોજાશે

ગાંધીનગર,તા.૧૦

આગામી ૩૧ ઓક્ટોબરે ભારતના લોહપુરુષ તરીકે વિખ્યાત સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી આવનાર છે, ત્યારે સરદારની આ જન્મજયંતીની ગુજરાતભરમાં ભવ્ય ઉજવણી કરવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધો છે. આ અંતર્ગત "સરદાર @૧૫૦ યુનિટી માર્ચ"નું આયોજન કરાયું છે, જેનો હેતુ સરદાર પટેલના વિચારો, નેતૃત્વ અને એકતાના સંદેશને જનજન સુધી પહોંચાડવાનો છે. સરકારના આયોજન મુજબ, ૧થી ૧૦ નવેમ્બર દરમિયાન યોજાનારી આ સરદાર @૧૫૦ યુનિટી માર્ચ બે સ્તરે યોજાશે. જિલ્લા સ્તરે ત્રણ દિવસીય યાત્રા અને કેન્દ્રીય કક્ષાએ કરમસદથી કેવડિયા સુધીની ૧૫૦ કિમી લાંબી "યુનિટી માર્ચ." જેમાં રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા, ધારાસભ્ય જીતુ વાઘાણી તેમજ અનેક સામાજિક સંસ્થાઓ અને એનજીઓના પ્રતિનિધિઓ આ વિશાળ અભિયાનમાં જોડાશે.

# જાફરાબાદમાં 'વિકાસની પોકળ વાતો': મોટી કંપનીઓ છતાં સ્થાનિકો રોજગારી અને સુવિધાઓથી વંચિત

જાફરાબાદ, તા.૧૦

ગુજરાતમાં 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી વચ્ચે અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકામાં અલ્ટ્રાટેક સિમેન્ટ, જીએસસીએલ (GSCL) અને સિન્ટેક્સ (Sintex) જેવી મહાકાય કંપનીઓ હોવા છતાં સ્થાનિક વિકાસ અટકી ગયો હોવાનો આક્રોશ ફેલાયો છે. સ્થાનિકોનો ગંભીર આક્ષેપ છે કે આ કંપનીઓ સરકારને આપેલી સ્થાનિક રોજગારી અને ગામની સુખાકારીની બાંહેધરીનો અમલ કરતી નથી. કંપનીના અધિકારીઓ સ્થાનિકોને અવગણીને પોતાની મનમાની ચલાવી રહ્યા છે, જેના કારણે સ્થાનિક બેરોજગારોને કોઈ લાભ મળતો નથી. જીએસસીએલમાં આધુનિકીકરણથી મજૂરો બેકાર બન્યા છે અને કંપનીઓના પ્રદૂષણથી ખેતીની જમીન બંજર બની રહી હોવાનો ભય છે. અલ્ટ્રાટેક કંપની સામે પણ અનેક આક્ષેપો છે. કોલોનીમાં આવેલા ધાર્મિક મંદિરો જાફરાબાદના લોકો માટે બંધ કરી દેવાયા છે. ઉપરાંત, આદિત્ય બિરલા પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ માટેની સ્કૂલ બસ બંધ કરી દેવાઈ છે અને સ્થાનિકોને કોલોનીમાં પ્રવેશવા પર પણ પ્રતિબંધ છે. કંપની પર ગૌચરણ દબાવવા અને દત્તક ગામડાઓમાં માત્ર ફોટોગ્રાફી કરીને વાહવાહી મેળવવાનો આરોપ છે. સ્થાનિકોનું કહેવું છે કે વીસ વર્ષ પહેલાં કંપનીઓ ન હોવા છતાં જાફરાબાદની રોનક વધુ હતી અને ૩૦થી ૩૫ ગામનો વેપારી વહીવટ થતો હતો, જે આજે બંધ થઈ ગયો છે.

### રાજકીય સાઠગાંઠ અને ભવિષ્યનો સવાલ

સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે તમામ કંપનીઓના અધિકારીઓ સ્થાનિક રાજકીય આગેવાનો સાથે સાઠગાંઠ રાખીને કોન્ટ્રાક્ટ કે અન્ય કામો ફાળવી દે છે અને સામાન્ય માણસોની કોઈ ગણતરી કરવામાં આવતી નથી. કંપનીઓએ સ્થાપના પહેલાં સરકારને જે બાંહેધરીઓ (સ્થાનિક રોજગારી, ગામની સુખાકારી, લાભાલાભ) આપી હતી, તેનો કોઈ અમલ થતો ન હોવાનું સ્પષ્ટપણે જોવા મળી રહ્યું છે. કંપનીઓના પ્રદૂષણને કારણે ખેતીવાડીની જમીનને નુકસાન થઈ રહ્યું છે. આવી પરિસ્થિતિમાં જાફરાબાદ શહેર અને તાલુકાનો વિકાસ થશે કે વિનાશ, તે મોટો સવાલ છે. જાફરાબાદની જનતાના પ્રશ્નોનું નિરાકરણ કોણ લાવશે? તે એક મોટો પ્રશ્નાર્થ છે.

### અલ્ટ્રાટેક સિમેન્ટ સામે સ્થાનિક લોકોના ગંભીર આક્ષેપો

- » કંપની દ્વારા આદિત્ય બિરલા પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ માટે ફાળવેલી સ્કૂલ બસ હાલ ક્યાં ચાલી રહી છે? સ્થાનિક વિદ્યાર્થીઓને પૂરતું ભણતર ન આપવાના આક્ષેપો પણ છે. અગાઉ ચાલતી વિદ્યાર્થી બસ પણ બંધ કરી દેવાઈ છે.
- » અલ્ટ્રાટેક કોલોનીમાં આવેલ ધાર્મિક મંદિરો, જે અગાઉ જાફરાબાદના નાગરિકો માટે દર્શન માટે ખુલ્લા રહેતા હતા, તે હાલ બંધ કરી દેવાયા છે. લોકો પૂછી રહ્યા છે કે આનું કારણ શું છે?
- » કંપનીના અધિકારીઓ સ્થાનિકો સાથે વિદેશથી આવ્યા હોય તેવું ઉદ્ધત વર્તન કરી રહ્યા છે. વળી, કંપની દ્વારા અનેક પ્રકારનું ગૌચરણ દબાવીને પોતાની મનમાની ચલાવવામાં આવતી હોવાનો ગંભીર આક્ષેપ છે.
- » કંપની દ્વારા 'દત્તક લેવાયેલા ગામડાં'માં અધિકારીઓ અને આગેવાનો માત્ર ફોટોગ્રાફી કરીને સરકારમાં વાહવાહી મેળવી રહ્યા છે, પરંતુ જમીની સ્તરે કોઈ કામ થતું નથી.


**જાહેર નોટીસ**

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ગીરગઢડા**

અરજી નં.124/2025
જન્મ તારીખ:05/03/1954

કનુભાઈ નાનજીભાઈ વઘાસીયા,
રહે.નાળીયેરી મોલી, ગામ-નાળીયેરી મોલી, તાલુકો- ગીરગઢડા
જિલ્લા-ગીર સોમનાથ .......અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ )અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, નાળીયેરી મોલી, તાલુકો- ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ
.........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી કનુભાઈ નાનજીભાઈ વઘાસીયા, રહે.નાળીયેરી મોલી, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પોતે કનુભાઈ નાનજીભાઈ વઘાસીયાનો જન્મ તારીખ 05/03/1954 ના રોજ ગીરગઢડા તાલુકાના નાળીયેરી મોલી મુકામે થયેલ છે.જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ /૧૦/૨૦૨૫ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સીક્કો

હુકમથી
સહિ
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા



**જાહેર નોટીસ**

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ગીરગઢડા**

અરજી નં.123/2025
જન્મ તારીખ:01/06/1956

લીલીબેન કરશનભાઈ રામાણી,
રહે.નાળીયેરી મોલી, ગામ-નાળીયેરી મોલી, તાલુકો- ગીરગઢડા
જિલ્લા-ગીર સોમનાથ .......અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ )અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી,ચોરાળી મોલી, તાલુકો- ગીરગઢડા, જિલ્લો.ગીર સોમનાથ
.........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી લીલીબેન કરશનભાઈ રામાણી, રહે. નાળીયેરી મોલી, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પોતે લીલીબેન કરશનભાઈ રામાણીનો જન્મ તારીખ 01/06/1956 ના રોજ ગીરગઢડા તાલુકાના નાળીયેરી મોલી મુકામે થયેલ છે.જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ ૦૯/૧૦/૨૦૨૫ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સીક્કો

હુકમથી
સહિ
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા


# અવસાન નોંધ

**મેડી**

સ્વ.પોપટભાઈ જેઠાભાઈ સાખરેલીયા(ઉ.વ.૯૫)નું તા.૦૯/૧૦/૨૦૨૫ને ગુરૂવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે ચતુરભાઈ પોપટભાઈ સખરેલીયા, બાબુભાઈ પોપટભાઈ સખરેલીયા, ભરતભાઈ પોપટભાઈ સખરેલીયા અને દેવરાજભાઈનાં (કાકા) થાય છે. તેમની દશા આસો વદ ૧૧ ને શુક્રવાર તા.૧૭/૧૦/૨૦૨૫ના રોજ રાખેલ છે. અને ઉત્તરક્રિયા (પાણી ઢોળ) આસો વદ ૧૨ને શનિવાર તા.૧૮/૧૦/૨૦૨૫ના રોજ રાખેલ છે.


**જાહેર નિવિદા**

જન આરોગ્ય કમીટી-કેરીયાચાડ ખાતે સિંગલ ડોર-ડોમેસ્ટિક રેફ્રિજરેટર કુલ સંખ્યા-૧ (ક્ષમતા ૧૮૦ થી ૨૦૦ લિટર) ખરીદવાનું હોય. તેથી રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી ભાવ-પ્રસ્તાવ (Rate Quotation) મંગાવવામાં આવે છે. પોતાના ભાવ બંધ કવરમાં જાહેરનામું પ્રસિદ્ધ થયાના ૧૦ (દસ) દિવસની અંદર નીચેના સરનામે રૂબરૂ અથવા પોસ્ટ મારફત મોકલવાના રહેશે.

**સરનામું: આયુષ્માન આરોગ્ય-મંદિર-કેરીયાચાડ. તાલુકો,જિલ્લો-અમરેલી.-૩૬૫૬૩૦**

શરતો : ૧. નિવિદા અન્વયે ભાવ-પ્રસ્તાવ પોસ્ટ મારફત રૂબરૂ બંધ કવરમાં રજૂ કરવાના રહેશે.
૨. કમીટી દ્વારા પસંદ કરાયેલી સૌથી નીચા ભાવ ધરાવતી પાર્ટીએ ઓર્ડર મળ્યાના ૭ (સાત) દિવસની અંદર સિંગલ ડોર-ડોમેસ્ટિક રેફ્રિજરેટર કેરીયાચાડ ખાતે પહોંચતું કરવાનું રહેશે
૩. સિંગલ ડોર-ડોમેસ્ટિક રેફ્રિજરેટર સાથે જી.એસ.ટી. નંબર ધરાવતું બિલ. તેમજ વોરંટી અને ગેરંટી કાર્ડ ફરજીયાત રીતે આપવાનું રહેશે.
૪. કમીટીનો નિર્ણય અંતિમ રહેશે.

તા. ૧૦/૧૦/૨૦૨૫
શુક્રવાર

પ્રમુખ
જન આરોગ્ય કમીટી-કેરીયાચાડ


**મેડી**

સ્વ.હરેશભાઈ વિઠ્ઠલભાઈ વઘાસીયા (ઉ.વ.૫૪) તા.૦૯/૧૦/૨૦૨૫ના ગુરૂવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સુરેશભાઈ વિઠ્ઠલભાઈ વઘાસીયાના ભાઈ અને મહેન્દ્રભાઈ હરેશભાઈ વઘાસીયાના પિતાશ્રી થાય છે. તેમની ઉત્તરક્રિયા તા.૧૭/૧૦/૨૦૨૫ને શુક્રવારના રોજ ૧૭/૧૦/૨૦૨૫ અને પાણી ઢોળ તા.૧૮/૧૦/૨૦૨૫ને શનિવારના રોજ રાખેલ છે.

**ગોંડલ**

મનીશાબેન બાંભવાનું તા. ૮ના રોજ અવસાન થયું છે. તે સ્વ. હીરાભાઈ ગોવિંદભાઈ બાંભવાના પત્ની, ચેતનભાઈ તથા દીપકભાઇના માતા થાય છે. બેસણું તા. ૧૧મીને શનિવારે સાંજે ૪ થી ૬ કલાકે, રાધેશ્યામ વાડી, યોગીનગર, ગોંડલ ખાતે રાખેલ છે.

# અફઘાન તેની જમીનનો ઉપયોગ ભારત વિરોધી પ્રવૃત્તિ માટે થવા દેશે નહીં : તાલિબાન વિદેશ મંત્રી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૦

અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસનના વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકીએ શુક્રવારે કહ્યું હતું કે અફઘાનિસ્તાન ક્યારેય તેની જમીનનો ઉપયોગ ભારત વિરોધી પ્રવૃત્તિઓ માટે થવા દેશે નહીં. તાલિબાન શાસિત અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી એક અઠવાડિયાની મુલાકાત માટે ભારતમાં છે. તેમણે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ બેઠકમાં બંને દેશો વચ્ચે અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. આ મુલાકાતને અશરફ ગની સરકારના પતનના ચાર વર્ષ પછી ભારત અને અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસન વચ્ચે ઉચ્ચ સ્તરીય સંપર્કનો સૌથી મોટો સંકેત માનવામાં આવી રહ્યો છે. મુલાકાત દરમિયાન, જયશંકરે કહ્યું કે તમારી મુલાકાત ભારત-અફઘાનિસ્તાન સંબંધોને આગળ વધારવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે.

અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી મૌલવી અમીર ખાન મુત્તાકી સાથેની તેમની દ્વિપક્ષીય બેઠક દરમિયાન, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જાહેરાત કરી કે કાબુલમાં ટેકનિકલ મિશનને હવે ભારતીય દૂતાવાસનો દરજ્જો આપવામાં આવશે. ૨૦૨૧ માં જ્યારે તાલિબાન અફઘાનિસ્તાનમાં સત્તા પર પાછા ફર્યા ત્યારે નવી દિલ્હીએ કાબુલમાં પોતાનું દૂતાવાસ બંધ કરી દીધું હતું.



વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથેની તેમની મુલાકાતમાં, અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી મુત્તાકીએ કહ્યું, અફઘાનિસ્તાનમાં તાજેતરના ભૂકંપમાં સહાય આપનાર ભારત સૌપ્રથમ હતું. અફઘાનિસ્તાન ભારતને એક નજીકના મિત્ર તરીકે જુએ છે. અફઘાનિસ્તાન પરસ્પર આદર, વેપાર અને લોકો વચ્ચેના સંબંધો પર આધારિત સંબંધ ઈચ્છે છે. અમે પરસ્પર સમજણની સલાહકાર પદ્ધતિ સ્થાપિત કરવા તૈયાર છીએ જે આપણા સંબંધોને મજબૂત બનાવવામાં મદદ કરશે.

ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે કાબુલમાં ભારતીય ટેકનિકલ મિશન માટે દૂતાવાસનો દરજ્જો જાહેર કર્યો. ૨૦૨૧માં તાલિબાન સત્તામાં આવ્યા પછી ભારતે કાબુલમાં પોતાનું દૂતાવાસ બંધ કર્યું અને પછી એક નાનું મિશન ખોલ્યું છે. આ બેઠક દરમિયાન, એસ. જયશંકરે એક મોટી જાહેરાત કરી, જેમાં જાહેરાત કરવામાં આવી કે કાબુલમાં ટેકનિકલ મિશનને હવે ભારતીય દૂતાવાસનો દરજ્જો આપવામાં આવશે. હકીકતમાં, જ્યારે ૨૦૨૧માં તાલિબાન અફઘાનિસ્તાનમાં સત્તામાં આવ્યું, ત્યારે નવી દિલ્હીએ કાબુલમાં પોતાનું દૂતાવાસ બંધ કરી દીધું. ભારતે એક વર્ષ પછી વેપાર, તબીબી સહાય અને માનવતાવાદી સહાયને સરળ બનાવવા માટે એક નાનું મિશન ખોલ્યું છે. હવે, આ ટેકનિકલ મિશનને દૂતાવાસનો દરજ્જો આપવામાં આવ્યો છે.

તાલિબાનના વિદેશ પ્રધાન અને તેમના પ્રતિનિધિમંડળનું ભારતમાં સ્વાગત કરતા, વિદેશ પ્રધાન જયશંકરે તેમની મુલાકાતને બંને દેશો વચ્ચેના સંબંધોને આગળ વધારવા અને તેમની કાયમી મિત્રતાને પુનઃપુષ્ટિ કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું. તેમણે જણાવ્યું હતું કે નજીકના પાડોશી અને અફઘાન લોકોના શુભેચ્છક તરીકે, ભારતને અફઘાનિસ્તાનના વિકાસ અને પ્રગતિમાં ઊંડો રસ છે. ભારત આરોગ્યસંભાળથી લઈને ભૂકંપ જેવી આપત્તિ રાહત સુધી, અથવા અફઘાન લોકોને ખાદ્ય સહાય પૂરી પાડવા સુધી, દરેક રીતે મદદ કરે છે.

## નોકરી કૌભાંડ મામલે ઈડીએ બંગાળના મંત્રી સુજીત બોઝના પરિસરમાં દરોડા પાડ્યા

કોલકતા,તા.૧૦

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ એક નાગરિક સંસ્થામાં ભરતીમાં કથિત ગેરરીતિઓની તપાસના સંદર્ભમાં પશ્ચિમ બંગાળના મંત્રી સુજીત બોઝના પરિસરમાં દરોડા પાડ્યા છે. અહેવાલો અનુસાર, ઈડીએ કોલકાતામાં છ સ્થળોએ દરોડા પાડ્યા હતા, જેમાં મંત્રીની મિલકતોનો પણ સમાવેશ થાય છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે ઈડી ટીમોએ મંત્રીના સોલ્ટ લેક નિવાસસ્થાન-કમ-કાર્યાલય અને




દંડમ નગરપાલિકાના ભૂતપૂર્વ અધિકારીઓના ઘરો પર દરોડા પાડ્યા હતા. સુજીત બોઝ ૨૦૧૦ થી ૨૦૨૧ સુધી દક્ષિણ દંડમ નગરપાલિકાના ઉપપ્રમુખ હતા. ઈડી દ્વારા મંત્રીના કાર્યાલય પર બીજો દરોડો પાડવાના અહેવાલ છે.

## કેદીઓ માટે મતદાનનો અધિકાર માંગતી જાહેર હિતની અરજી પર સુપ્રીમે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માંગ્યો

નવીદિલ્હી,તા.૧૦

જેલમાં કેદીઓને મતદાનનો અધિકાર માંગતી જાહેર હિતની અરજી પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. આ અરજી એડવોકેટ ડૉ. સુનિતા શર્મા દ્વારા દાખલ કરવામાં આવી હતી અને આજે મુખ્ય ન્યાયાધીશ બી.એ. ગવઈ સમક્ષ વકીલ પ્રશાંત ભૂષણ દ્વારા સુનાવણી કરવામાં આવી હતી. અરજીમાં જણાવાયું છે



કે મતદાનનો અધિકાર લોકશાહીનો પાયો છે. અરજદાર જણાવે છે કે ભારત એક લોકશાહી દેશ છે, જ્યાં દરેક નાગરિકને સરકાર પસંદ કરવાનો સમાન અધિકાર છે. બંધારણની કલમ ૩૨૬ સ્પષ્ટપણે જણાવે છે કે દરેક પુખ્ત નાગરિકને મતદાન કરવાનો અધિકાર છે. પરંતુ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૬૨(૫) જેલમાં બંધ તમામ વ્યક્તિઓને મતદાનનો અધિકાર નકારે છે, પછી ભલે તે દોષિત હોય કે ન હોય. આ સંપૂર્ણ પ્રતિબંધ બંધારણની કલમ ૧૪ અને ૨૧નું ઉલ્લંઘન કરે છે. સ્થાનિક મતદારો માટે જેલોમાં મતદાન મથકો સ્થાપિત કરવા જોઈએ અને અન્ય વિસ્તારોના કેદીઓને પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવાની તક આપવી જોઈએ. સંસદ અથવા સરકારને સ્પષ્ટતા કરવાનો નિર્દેશ આપવો જોઈએ કે કયા ગુનાના દોષિતોને અસ્થાયી રૂપે મતદાન કરવાથી રોકી શકાય છે, જેથી કોઈ સમાન પ્રતિબંધ ન રહે.

## વોન્ટેડ ગુનેગાર શીલા કલ્યાણીને સાઉદી અરેબિયાથી ભારત પરત લાવતી સીબીઆઈ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૦

ભારતના સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) એ મોટી સફળતા મેળવી છે. સીબીઆઈએ વોન્ટેડ ગુનેગાર મનકંદથિલ થેક્કેથી ઉર્ફે શીલા કલ્યાણીને સાઉદી અરેબિયાથી ભારત પરત લાવવામાં સફળતા મેળવી છે. આ કાર્યવાહી ગુનાહિત ષડયંત્ર અને છેતરપિંડીના ગંભીર આરોપો પર કરવામાં આવી હતી. જ્યારે સીબીઆઈ અને એફબીઆઈએ સાથે મળીને ૮



આંતરરાષ્ટ્રીય સાયબર ગુનેગારોની ધરપકડ કરી. સીબીઆઈએ વિદેશ મંત્રાલય અને ગૃહ મંત્રાલયના સક્રિય સહયોગથી ઈન્ટરપોલ ચેનલો દ્વારા આ મહત્વપૂર્ણ પ્રત્યાર્પણનો અમલ કર્યો છે.

## દિલ્હી ટેસ્ટમાં પ્રથમ દિવસે વેસ્ટ ઈન્ડીઝ સામે ભારતનો સ્કોર ૩૧૮/૨

**યશસ્વી જયસ્વાલ ૧૭૩ રન સાથે અણનમ રહ્યો**

ન્યુ દિલ્હી,તા.૧૦

દિલ્હી ટેસ્ટના પહેલા જ દિવસે ભારતે વેસ્ટ ઈન્ડીઝ સામે મજબૂત પકડ બનાવી લીધી છે. શુક્રવારે અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમતના અંતે ટીમે માત્ર ૨ વિકેટ ગુમાવીને ૩૧૮ રન બનાવ્યા હતા. યશસ્વી જયસ્વાલ ૧૭૩ અને શુભમન ગિલ ૨૦ રન બનાવીને અણનમ રહ્યા. વેસ્ટ ઈન્ડીઝ સામે યશસ્વીનો આ બેસ્ટ ટેસ્ટ સ્કોર છે. તેણે ૨૦૨૩માં ડેબ્યૂ મેચમાં ૧૭૧ રન બનાવ્યા હતા.



ભારતના કેપ્ટન શુભમન ટૉસ જીતીને બેટિંગ કરવાનું પસંદ કર્યું. કેએલ રાહુલ ૩૮ રન બનાવીને આઉટ થયો હતો, તેણે યશસ્વી સાથે ૫૮ રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી. ત્યારબાદ સાઈ સુદર્શને યશસ્વી સાથે ૧૯૩ રનની ભાગીદારી કરી હતી. સુદર્શન ૮૭ રન બનાવીને આઉટ થયો હતો. વેસ્ટ ઈન્ડીઝના ડાબા હાથના સ્પિનર જોમેલ વોરિકને ૨ વિકેટ લીધી હતી.

## સીજેઆઈએ હિંદુ દેવી-દેવતાઓનું અપમાન કર્યું એટલે જૂતું ફેંક્યુ : વકીલ

**વકીલે મુસ્લિમો પ્રત્યેની વર્ષો જૂની નારાજગી વ્યકત કરી**

ન્યુ દિલ્હી,તા.૧૦

'૯૦ના દાયકાની વાત છે. મારી પત્ની મુરાદાબાદની એક યુનિવર્સિટીમાં પ્રોફેસર હતી. અમે ત્યાં જ રહેતા હતા. ત્યાં મુસ્લિમ વસતિ ઘણી વધારે છે. એ વખતે સાંજ થયા પછી સ્ત્રીઓને ઘરની



બહાર નહોતા લઈ જઈ શકતા. માહોલ એવો હતો કે જો મુસ્લિમ સમુદાયની કોઈ વ્યક્તિની બકરીને મારું સ્કૂટર અડી પણ જાય તો તે મને ઉતારીને મારતા-પીટતા અને પત્નીને ઉઠાવી જતા. ત્યાં આવું અવારનવાર થતું હતું.' જસ્ટિસ બી.આર. ગવઈ તરફ જૂતું ફેંકનાર એડવોકેટ રાકેશ કિશોરે પોતાની જિંદગી સાથે જોડાયેલા આ કિસ્સાથી મુસ્લિમો પ્રત્યેની પોતાની વર્ષો જૂની નારાજગી વ્યક્ત કરી છે. તેઓ કહે છે કે જસ્ટિસ ગવઈએ પણ હિંદુ દેવી-દેવતાઓ અને સનાતન ધર્મનું અપમાન કર્યું છે, તેના પર હું ચૂપ ન રહી શક્યો.

## કર્ણાટકમાં હવે સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં કામ કરતી મહિલા કર્મચારીઓને એક દિવસની પેઈડ પીરિયડ રજા મળશે

(એચ.એસ.એલ),બેંગલુરુ,તા.૧૦

મહિલાઓ દર મહિને માસિક સ્ત્રાવની પીડાથી પીડાય છે. કર્ણાટક સરકારે કાર્યકારી મહિલાઓના સ્વાસ્થ્ય અને કાર્યસ્થળમાં સમાનતાને પ્રોત્સાહન આપવા માટે એક મોટો નિર્ણય લીધો છે. કર્ણાટક કેબિનેટે માસિક સ્ત્રાવની રજા નીતિ-૨૦૨૫ ને મંજૂરી આપી. હવે, બધી કામ કરતી મહિલાઓને દર મહિને એક દિવસની પેઈડ પીરિયડ રજા આપવામાં આવશે.



આ લાભ ફક્ત મહિલા સરકારી કર્મચારીઓને જ નહીં, પરંતુ કાપડ ઉદ્યોગ, બહુરાષ્ટ્રીય કંપનીઓ, આઈટી કંપનીઓ અને અન્ય વિવિધ ક્ષેત્રોમાં કામ કરતી મહિલાઓને પણ મળશે.

કેબિનેટે શ્રમ, માળખાગત સુવિધા, શહેરી વિકાસ, શિક્ષણ, સમાજ કલ્યાણ અને પર્યટન ક્ષેત્રોમાં અનેક મુખ્ય દરખાસ્તોને પણ મંજૂરી આપી છે.

## બિહારમાં મતદાર યાદીમાં નામ ઉમેરવા કે રદ કરવાની કોઈ અરજી મળી નથી : ચૂંટણી પંચ

(એચ.એસ.એલ),પટણા,તા.૧૦

બિહારમાં અંતિમ મતદાર યાદી પ્રકાશિત થયા પછી પણ, વિપક્ષો પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે ઘણા માન્ય મતદારોના નામ પણ આ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. દરમિયાન, ચૂંટણી પંચે જણાવ્યું હતું કે મતદાર યાદીમાંથી નામ ઉમેરવામાં આવે કે કાઢી નાખવામાં આવે કે કોઈ વિસંગતતા હોય તો જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ અપીલ દાખલ કરી શકાય છે. જોકે, ૧૦ દિવસ પછી પણ, કોઈપણ જિલ્લામાંથી કોઈ અપીલ મળી નથી, ચૂંટણી પંચે અહેવાલ આપ્યો હતો.

ખાસ સઘન સુધારણા ઝુંબેશ, ૨૦૨૫ દરમિયાન ચૂંટણી પંચે ૩૦ સપ્ટેમ્બરના રોજ અંતિમ મતદાર યાદીનો ડ્રાફ્ટ પ્રકાશિત કર્યો હતો.

## જમ્મુ અને કાશ્મીરને રાજ્ય બનાવવાની માંગણીઓ પર સુપ્રીમ કોર્ટે ચાર અઠવાડિયામાં કેન્દ્ર પાસેથી જવાબ માંગ્યો

નવીદિલ્હી,તા.૧૦

સુપ્રીમ કોર્ટે જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની સતત માંગ પર કડક વલણ અપનાવ્યું છે, કેન્દ્ર સરકારને મહત્વપૂર્ણ સૂચનાઓ જારી કરી છે. શુક્રવારે, કોર્ટે કેન્દ્ર સરકારને જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની માંગ કરતી અરજીઓનો જવાબ દાખલ કરવા માટે ચાર અઠવાડિયાનો સમય આપ્યો છે. મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈની અધ્યક્ષતાવાળી બેન્ચે આ કેસની સુનાવણી કરી.



જમ્મુ અને કાશ્મીર સંબંધિત આ અરજીઓ શિક્ષણવિદ ઝહૂર અહેમદ ભટ અને સામાજિક કાર્યકર અહેમદ મલિક સહિત અનેક વ્યક્તિઓ દ્વારા દાખલ કરવામાં આવી હતી. આ અરજીઓમાં માંગ કરવામાં આવી છે કે કેન્દ્ર સરકાર ડિસેમ્બર ૨૦૨૩ માં સુપ્રીમ કોર્ટને આપેલા વચન મુજબ જમ્મુ અને કાશ્મીરને શક્ય તેટલી વહેલી તકે રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરે.

## યુધ્ધવિરામના કરાર બાદ પણ ઈઝરાયેલે ગાઝા પર હુમલો કરતા ૩૦ લોકોના મોત

(એચ.એસ.એલ),વોશિંગ્ટન,તા.૧૦

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજના હેઠળ ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ કરાર થયા પછી ગાઝામાં ઓછામાં ઓછા ૩૦ લોકો માર્યા ગયા છે. રહેવાસીઓએ વિસ્ફોટોની જાણ કરી હતી. અહેવાલ મુજબ, સ્થાનિક અલ-શિફા હોસ્પિટલના ડિરેક્ટર મોહમ્મદ અબુ સાલમિયાએ જણાવ્યું



હતું કે બુધવાર સાંજથી ૩૦ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે.


ગાઝાના નાગરિક સંરક્ષણ વિભાગે જણાવ્યું હતું કે ઈઝરાયલી લશ્કરી હુમલામાં ઉત્તરી ગાઝાના અલ-સબ્રા વિસ્તારમાં ૪૦ થી વધુ પેલેસ્ટિનિયનો કાટમાળ નીચે દટાયા હતા. જોકે, ઈઝરાયલ સંરક્ષણ દળોએ જણાવ્યું હતું કે આ હુમલો ઉત્તરી ગાઝામાં "હમાસ આતંકવાદી જૂથ" પર નિર્દેશિત કરવામાં આવ્યો હતો, જે "તાત્કાલિક ખતરો" હતો. અહેવાલ આપ્યો હતો કે તે ઈઝરાયલ સંરક્ષણ દળોના નિવેદનની પુષ્ટિ કરી શક્યું નથી.

નાગરિક સંરક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા એક વીડિયોમાં કટોકટી ટીમો કાટમાળમાંથી પુરુષો, સ્ત્રીઓ અને બાળકોને બચાવવાનો પ્રયાસ કરી રહી છે.

## તાલિબાનના વિદેશ મંત્રી ભારતની મુલાકાતે આવતા પાકિસ્તાને કાબુલમાં હવાઈ હુમલા કર્યા

(એચ.એસ.એલ),કાબુલ,તા.૧૦

શુક્રવારે સવારે અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં જોરદાર વિસ્ફોટો સંભળાયા હતા. મીડિયા અહેવાલો અનુસાર, વિસ્ફોટો પાકિસ્તાન એરફોર્સ દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાને કારણે થયા હતા. પાકિસ્તાની ચેનલોએ દાવો કર્યો હતો કે હુમલાઓમાં તહરીક-એ-તાલિબાન પાકિસ્તાનના ઠેકાણાઓને નિશાન બનાવવામાં



આવ્યા હતા. પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં એવા સમયે હવાઈ હુમલા કર્યા જ્યારે તાલિબાનના વિદેશ પ્રધાન અમીર ખાન મુત્તાકી ભારતની મુલાકાતે છે. તાલિબાનના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને કહ્યું, "કાબુલ શહેરમાં વિસ્ફોટો સંભળાયા. કોઈએ ચિંતા કરવાની જરૂર નથી, બધું બરાબર છે. ઘટનાની તપાસ ચાલી રહી છે અને અત્યાર સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી."

પાકિસ્તાનના ગભરાટનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે તે ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેના ગાઢ સંબંધોથી ચિડાઈ ગયું છે. ખ્વાજા આસિફે અફઘાનિસ્તાનને ભારતનું અનુયાયી અને પાકિસ્તાનનું દુશ્મન પણ ગણાવ્યું છે.

# ગુજરાતમાંથી અંતે ચોમાસાની વિદાય, ગુલાબી ઠંડીનો લોકોએ કર્યો અનુભવ

અમદાવાદ,તા.૧૦

ગુજરાતમાં છેલ્લા કેટલાક અઠવાડિયાથી ચોમાસાના ઝાપટા વરસી રહ્યા હતા. પરંતુ હવે હવામાનમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગ મુજબ, ચોમાસાએ સત્તાવાર રીતે વિદાય લીધી છે અને હવે રાજ્યમાં બેવડી ઋતુ - એટલે કે ચોમાસા પછીની ઠંડીની શરૂઆત અનુભવાઈ રહી છે. ખાસ કરીને વહેલી સવારે અને સાંજના સમયે લોકો ઠંડા પવનનો અહેસાસ કરી રહ્યા છે. રાજ્યના વિવિધ શહેરોમાં તાપમાનમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. હવામાન વિભાગના આંકડા મુજબ રાજ્યના સરેરાશ તાપમાનમાં ૨ ડિગ્રી જેટલો ઘટાડો થયો હતો. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન બે ડિગ્રી ઘટીને ૨૨ ડિગ્રી સેલ્સિયસ થયું છે, જ્યારે નલિયામાં તો લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રીની નીચે ઉતરીને ૧૯.૮ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે હવે ગુજરાતમાં ઠંડીનું આગમન થઈ રહ્યું છે. હાલના દિવસોમાં તો લોકોને હળવી ઠંડીનો અહેસાસ થાય છે, પરંતુ આવતા સપ્તાહોમાં ઠંડી વધુ વધવાની સંભાવના છે. હવામાન નિષ્ણાતોનું કહેવું છે કે આ ફેરફાર સામાન્ય છે, કારણ કે ચોમાસા પછી તાપમાન ધીમે ધીમે ઘટે છે અને ઉત્તર ભારત તરફથી ઠંડી હવાનાં પ્રવાહો દક્ષિણ તરફ સરકે છે.



# રાજ્યમાંથી કરચોરીનું મોટું કૌભાંડ ઝડપાયું, જીએસટી વિભાગે ૨૫૬૦ કરોડના બોગસ બિલિંગનો પર્દાફાશ કર્યો

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૦

રાજ્યમાં કરચોરીનું મોટું કૌભાંડ ઝડપાયું છે. ગુજરાત જીએસટી વિભાગે ૨૫૬૦ કરોડના બોગસ બિલિંગ રેકેટનો પર્દાફાશ કર્યો છે. તપાસમાં જામનગરના સીએ અલ્કેશ પેઢડિયાએ આ નેટવર્ક દ્વારા કરચોરીના કૌભાંડને અંજામ આપ્યો હોવાનું બહાર આવ્યું છે. રાજ્યભરના જીએસટી ઓફિસોમાંથી ૨૭ ટીમો દ્વારા આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં એસજીએસટીએ ૧૧૨ કરોડની કરચોરીનો પર્દાફાશ કર્યો છે.




રાજ્ય ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ વિભાગે ૧૦૦ કરોડથી વધુના કરચોરી રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ કૌભાંડનો માસ્ટરમાઈન્ડ જામનગર સ્થિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અલ્કેશ પેઢડિયાએ એક વિસ્તૃત બોગસ બિલિંગ નેટવર્ક બનાવ્યું હોવાનું બહાર આવ્યું છે. ૩ ઓક્ટોબરે, વિભાગે ૨૫ જગ્યાઓ પર એક સાથે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. નકલી ઈન્વોઈસ અને આઈટીસી દાવાઓની તપાસમાં ૧૪ બિન-અસલી કરદાતા કંપનીઓની સંડોવણી બહાર આવી છે, જેમાં માલની વાસ્તવિક હિલચાલ વિના નકલી ઈન્વોઈસ જારી કરવામાં આવ્યા અને છેતરપિંડીવાળા ઈનપુટ ટેક્સ ક્રેડિટ દાવાઓને સક્ષમ બનાવવામાં આવ્યા છે. અનેક કંપનીઓ સીએ અલ્કેશ પેઢડિયા દ્વારા સીધી રીતે નિયંત્રિત અને સંચાલિત હતી.




# સુરતના ઓલપાડમાં તમાચો માર્યો હોવાનો ખાર રાખી યુવતીનું ગળુ અને કાંડા કાપી નાખ્યા

સુરત,તા.૧૦

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના પરીઆ ગામના ગૌચર વિસ્તારમાં તા.૪ ઓક્ટોબરના રોજ એક અજાણી મહિલાની ઘાતકી હત્યા કરાયેલી લાશ મળી હતી. આ ગંભીર ગુનાને સુરત જિલ્લા પોલીસે ઉકેલી નાંખીને બે આરોપીઓને ઝડપી પાડ્યા છે.





ગત તા.૪ ઓક્ટોબરના રોજ સવારે પરીઆ ગામના ગૌચર વિસ્તારમાંથી આશરે ૨૫ વર્ષની એક અજાણી મહિલાની લાશ મળી આવી હતી. અજાણ્યા ઈસમોએ તિક્ષ્ણ હથિયારથી મહિલાના ગળાના ભાગે ઘા મારી ગળું કાપી નાખ્યું હતું. આ સાથે તેના બંને હાથના કાંડા કાપી નાખ્યા હતા અને પેટના તથા થાપાના ભાગે ઘા મારી તેની હત્યા કરી હતી. આ મામલે ઓલપાડ પોલીસ સ્ટેશનમાં ખૂનનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

# સોમનાથ મહાદેવનાં દર્શન બાદ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ સાસણ પહોંચ્યા

જૂનાગઢ,તા.૧૦

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે આવી પહોંચ્યાં છે. ગુજરાત પ્રવાસના બીજા દિવસે રાષ્ટ્રપતિએ શુક્રવારે સવારે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવનાં દર્શન કર્યા હતા. ત્યાર બાદ સાસણ ગીરમાં સિંહદર્શન કરવા પહોંચ્યા છે. સાસણની મુલાકાત દરમિયાન ગીરમાં વસવાટ કરતા આદિવાસી સમાજના લોકો સાથે મુલાકાત કરશે. રાત્રિરોકાણ સાસણમાં જ કરશે. ત્યારબાદ સવારે દ્વારકા જવા રવાના થશે.




જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં રાષ્ટ્રપતિની મુલાકાતના પગલે સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દેવામાં આવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ બપોરે ૪ વાગ્યા આસપાસ સાસણ ગીર ખાતેના સિંહ સદન આવી પહોંચ્યા હતા. અહીં અડધો કલાક રોકાયા બાદ દ્રૌપદી મુર્મૂ સિંહદર્શન કરવા રવાના થયા હતા.

